**આજનો સુવિચાર**
જેની પાસે ધૈર્ય છે અને જે મહેનતથી ગભરાતો નથી, સફળતા તેની દાસી છે.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક
જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૬૩ જૂનાગઢ તા.૨૨-૦૬-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 163, Junagadh : Date : 22 Jun, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# પેપર લીક અટકાવવા રાતોરાત નવા કાયદાનું જાહેરનામુ પ્રસિધ્ધ

## નવા કાયદામાં ૧૦ વર્ષની જેલ, રૂા. ૧ કરોડનો દંડ, સંપતિ જપ્ત કરવા સુધીની કડક જોગવાઈ પરંતુ વિદ્યાર્થીઓને નવા કાયદામાંથી બાકાત રખાયા



નવી દિલ્હી, તા. ૨૨
કેન્દ્ર સરકારે સ્પર્ધાત્મક પરીક્ષાના પેપરલીક થવા જેવી ગેરરીતિ રોકવા ગતરાત્રીથી કડક કાયદો લાગુ કરી દીધો છે. આવા ગુનામાં પકડાનાર દોષિતોને ૩ થી ૧૦ વર્ષની જેલ સજા અને રૂા.૧ કરોડ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જાહેર પરીક્ષા અધિનિયમ-૨૦૨૪ની મંજૂરી આપ્યાના ચાર મહિના બાદ શ્રમ મંત્રાલયે ગતરાત્રે જાહેરનામુ બહાર પાડયું હતું. જેમાં નવા કાયદા ૨૧ જુનથી જ લાગુ થયાનું જાહેર કરવામાં આવ્યું છે. પેપર લીકને રોકવા માટે કેન્દ્ર સરકારે દેશમાં શુક્રવારે મોડી રાત્રે આ કાયદાને લઈને નોટિફિકેશન બહાર પાડ્યું હતું. આ કાયદાને પબ્લિક એક્ઝામિનેશન એક્ટ ૨૦૨૪ નામ આપવામાં આવ્યું છે. આ કાયદો ફેબ્રુઆરી ૨૦૨૪માં સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ કાયદાને મંજૂરી આપી દીધી છે.

આ કાયદાના અમલ પછી પેપર લીકના દોષિતોને ત્રણ વર્ષથી ૧૦ વર્ષ સુધીની સજા અને રૂા.૧૦ લાખથી ૧ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. યુપીએસસી, એસએસસી, રેલવે, બેંકિંગ ભરતી પરીક્ષાઓ અને એનટીએ દ્વારા લેવામાં આવતી તમામ પરીક્ષાઓ આ કાયદાના દાયરામાં આવશે.

નેટ અને નીટ પરીક્ષામાં ગોટાળા બહાર આવ્યા બાદ દેશભરમાં ભારે હોબાળો મચી ગયો છે. આવી સ્થિતિમાં એનટીએ એ સીએસઆઈઆર-યુજીસી-નેટ પરીક્ષા પણ સ્થગિત કરી દીધી છે. એનટીએનું કહેવું છે કે સંસાધનોની અછતને કારણે આવું કરવામાં આવ્યું છે. આ પરીક્ષા ૨૫ જૂનથી ૨૭ જૂન વચ્ચે યોજાવાની હતી. આગામી તારીખ એનટીએની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. ગુજરાત અને બિહાર બાદ હવે ઝારખંડને લગતા નીટ પેપર લીકના તાર જોડાઈ રહ્યા હોય તેવું લાગે છે. પટનામાં નીટ પેપરની બળી ગયેલી પુસ્તિકા હજારીબાગ સેન્ટરમાંથી લીક થઈ હોવાની શંકા છે. ઈઓયુ (ઈકોનોમિક ઓફેન્સીસ યુનિટ) એ બળી ગયેલી પુસ્તિકા સાથે મેચ કરવા મૂળ પ્રશ્નપત્રની માંગણી કરી છે.

જો કોઈ વ્યક્તિ અથવા જૂથ મળીને આખી યોજના સાથે પેપર લીક કરે છે તો ૫-૧૦ વર્ષની જેલ અને ૧ કરોડ રૂપિયાના દંડની જોગવાઈ છે. જો કોઈ સંસ્થા પેપર લીકમાં સંડોવાયેલી હોય તો તેની મિલકતનો નાશ કરવાનો અને પરીક્ષાનો સમગ્ર ખર્ચ તે સંસ્થા પાસેથી વસૂલવાનો નિયમ છે. આ કાયદા હેઠળ આરોપીઓને જામીન આપવાની કોઈ જોગવાઈ નથી. એસપી કે આસિસ્ટન્ટ કમિશનરથી નીચો હોદ્દો ધરાવતા કોઈપણ અધિકારી આ કાયદા હેઠળ તપાસ કરી શકશે નહીં. મોટી વાત એ છે કે આ કાયદા હેઠળ જો દોષી સાબિત થાય તો આરોપીની સંપત્તિ જપ્ત કરી શકાય છે. તપાસ એજન્સીને આ સત્તા આપવામાં આવી છે જેથી દરેક આરોપીઓ સામે કડક કાર્યવાહી કરી શકાય.

આ કાયદો વિદ્યાર્થીઓથી દૂર રાખવામાં આવ્યો છે, એટલે કે વિદ્યાર્થીઓને આ કાયદામાં સામેલ કરવામાં આવ્યા નથી. ધ્યાન માત્ર એવા આરોપીઓ પર છે જેઓ બાળકોના ભવિષ્યને બગાડવાનું કામ કરે છે.

હાલમાં દેશમાં નીટના ઘણા વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે, આ વખતે નીટ પરીક્ષામાં ગોટાળો થયો છે, પેપર પણ લીક થયું છે. તે કેસની તપાસ હજુ ચાલી રહી છે, પરંતુ દરેક પસાર થતા દિવસ સાથે ષડયંત્રના પુરાવા મળી રહ્યા છે અને બિહાર ગોટાળાનું કેન્દ્ર બની રહ્યું છે.

આ કાયદો સંગઠિત ટોળકી, માફિયાઓ અને આવી પ્રવૃત્તિઓમાં સંકળાયેલા લોકો પર કાર્યવાહી કરવા માટે લાવવામાં આવ્યો છે. આ સાથે જો સરકારી અધિકારીઓ પણ આમાં સંડોવાયેલા જોવા મળશે તો તેઓ પણ ગુનેગાર ગણાશે. જાહેર પરીક્ષા કે તેને લગતું કામ આપવામાં આવ્યું ન હોય તેવી કોઈપણ વ્યક્તિને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

એટલે કે કેન્દ્રને આગામી ૪ વર્ષ સુધી કોઈપણ સરકારી પરીક્ષા લેવાનો અધિકાર નહીં હોય. કોઈપણ સંસ્થાની મિલકત જપ્ત કરવાની પણ જોગવાઈ છે અને પરીક્ષાનો ખર્ચ પણ તેમાંથી વસૂલવામાં આવશે. કાયદા હેઠળ, એસપી અથવા એસીપીના રેન્કથી નીચેનો કોઈ પણ અધિકારી પરીક્ષામાં ગેરરીતિના કેસોની તપાસ કરી શકે છે. કેન્દ્ર સરકાર પાસે કોઈપણ કેસની તપાસ કેન્દ્રીય એજન્સીને સોંપવાની સત્તા છે.

### આ ૧૫ ગેરરીતિઓને ગુનો ગણવામાં આવશે

- કોઈપણ પરીક્ષાનું પ્રશ્નપત્ર અથવા આન્સર કી લીક થવી.
- પ્રશ્નપત્ર અથવા આન્સર કી લીક કરવામાં કોઈની પણ સંડોવણી.
- પરવાનગી વગર પ્રશ્નપત્ર અથવા ર્સ્ઈ શીટ તમારી પાસે રાખવી.
- પરીક્ષા દરમિયાન જવાબો લખવામાં કોઈની મદદ લેવી.
- પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરવી.
- પરીક્ષાની ઉત્તરવહી અથવા ર્સ્ઈ શીટ સાથે ચેડાં.
- અનુમતિ વિના નકલોના મૂલ્યાંકન સાથે છેડછાડ.
- સરકારી એજન્સી દ્વારા નિર્ધારિત પરીક્ષા ધોરણોનું ઉલ્લંઘન કરવું.
- યોગ્યતા માટે નિર્ધારિત દસ્તાવેજોમાં કોઈપણ પ્રકારની છેડછાડ.
- જાહેર પરીક્ષાઓ માટે નિર્ધારિત સુરક્ષા ધોરણોનું ઉલ્લંઘન કરવું.
- કોઈપણ પરીક્ષા કોમ્પ્યુટર સિસ્ટમ અથવા નેટવર્ક સાથે છેડછાડ.
- ઉમેદવારોની બેઠક વ્યવસ્થા, પરીક્ષાની તારીખ અથવા શિફ્ટ સાથે છેડછાડ.
- કોઈપણ પરીક્ષા સત્તાધિકારીને કામ કરતા અટકાવવા અથવા ધમકી આપવી.
- પરીક્ષા અથવા પરીક્ષા સત્તાધિકારીને લગતી નકલી વેબસાઈટ બનાવવી.
- નકલી એડમિટ કાર્ડ જારી કરવા અથવા નકલી પરીક્ષાઓ યોજવી.

# કમ્મરતોડ મોંઘવારી : ડુંગળી, બટેટા, શાકભાજીનાં ભાવમાં ૬૫ ટકા સુધીનો તોતીંગ વધારો



નવી દિલ્હી, તા.૨૨: કાળઝાળ ગરમી વચ્ચે ફરી એકવાર મોંઘવારીએ માઝા મુકી છે. છેલ્લા એક વર્ષમાં જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં ૬૫ ટકાનો વધારો થયો છે. શાકભાજીના ભાવ એટલા વધી ગયા છે કે મોટાભાગના રસોડામાંથી તે ગાયબ થવા લાગ્યા છે. ગ્રાહક બાબતોના મંત્રાલયના જણાવ્યા અનુસાર ડુંગળી, બટેટા અને ટામેટાના ભાવમાં સૌથી વધુ વધારો થયો છે. આ સિવાય ચોખા, કઠોળ અને અન્ય ખાદ્યપદાર્થો પણ મોંઘા થયા છે. ઉપભોક્તા બાબતોના મંત્રાલયની વેબસાઈટ પર ઉપલબ્ધ ડેટા અનુસાર, ગયા વર્ષે ૨૧ જૂને ચોખાની કિંમત ૪૦ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે વધીને ૪૫ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. મગની દાળનો ભાવ ૧૦ ટકા વધીને ૧૦૯ રૂપિયા પ્રતિ કિલોથી ૧૧૯ રૂપિયા થયો છે. મસૂર દાળનો ભાવ ૯૨ રૂપિયાથી વધીને ૯૪ રૂપિયા અને ખાંડનો ભાવ ૪૩ રૂપિયાથી વધીને ૪૫ રૂપિયા પ્રતિ કિલો થયો છે. દૂધ પણ ૫૮ રૂપિયાથી વધીને ૫૯ રૂપિયા પ્રતિ લીટર થયું છે. જો કે આ સમયગાળા દરમિયાન ખાદ્યતેલોના ભાવમાં ઘટાડો થયો છે. સીંગતેલના ભાવ લગભગ સ્થિર છે. સરસવના તેલનો ભાવ રૂ. ૧૪૨ થી ઘટીને રૂ. ૧૩૯ પ્રતિ લીટર, સોયા તેલ રૂ. ૧૩૨ થી ઘટીને રૂ. ૧૨૪ પ્રતિ લીટર થયો છે. પામતેલનો ભાવ રૂ.૧૦૬થી ઘટીને રૂ.૧૦૦ થયો છે. ચાની કિંમતમાં પણ નજીવો વધારો ૨૭૪ રૂપિયાથી ૨૮૦ રૂપિયા થયો છે.

# ગુજરાત પોલીસ કાયદામાં ફેરફાર કરવા SITની ભલામણ

અમદાવાદ,તા.૨૨
રાજકોટમાં ૨૭ લોકોનો ભોગ લેનારા ટીઆરપી ગેમઝોનના ભયાનક અગ્નિકાંડમાં તપાસનીશ 'સીટ' દ્વારા સરકારને ૧૦૦ પાનાનો રિપોર્ટ સોંપી દેવામાં આવ્યો છે જે વિવિધ સરકારી વિભાગોની બેદરકારી સુચવવા ઉપરાંત ગુજરાત પોલીસ કાયદાની કલમ ૩૩માં બદલાવ કરવાની ભલામણ કરી છે. આ સુધારાથી ગેમઝોન જેવા મનોરંજન સ્થળોને વિવિધ લાયસન્સ આપવાની સતા પોલીસને આપી શકાશે.

૧૦૦ પાનાના સીટના વચગાળાના રિપોર્ટમાં પોલીસ કોર્પોરેશન તથા માર્ગ-મકાન વિભાગના અધિકારીઓની બેદરકારી દર્શાવીને દોષિત ગણાવ્યા છે. પોલીસ, ફાયરબ્રિગેડ, ટાઉન પ્લાનીંગ (ટીપી) અને માર્ગ મકાન વિભાગની કામગીરીમાં ક્ષતિઓ માલુમ પડી છે અને તેના પુરાવા સાથે રિપોર્ટમાં સરકારનું ધ્યાન દોરવામાં આવ્યુ છે.

સીટના વડા સુભાષ ત્રિવેદીએ કહ્યું કે ગુજરાત પોલીસ કાયદાની કલમ ૩૩માં કેટલાંક સુધારા સુચવવામાં આવ્યા છે. નવી કલમ હેઠળ પોલીસ મનોરંજન તથા ટીકીટ લાયસન્સ આપે છે. કોઈપણ દોષિતને છોડવામાં નહીં આવે. કોર્પોરેશન તથા પોલીસના ઉચ્ચ અધિકારીઓની ભૂમિકાની તપાસ ચાલુ છે.

માર્ગ મકાન વિભાગે કોઈપણ ઈન્સપેકશન વિના સર્ટીફીકેટ આપી દીધા હતા. ફાયર વિભાગે ગેમઝોનમાં જરૂરી નિયમોનું પાલન ન હોવા છતાં એનઓસી આપી દીધુ હતું. ગેમઝોનને દોઢ વર્ષ પુર્વે ડીમોલીશન નોટીસ અપાવ્યા છતા પછી કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. અગાઉ પણ એક વખત આગની ઘટના બનવા છતાં કોર્પોરેશન તંત્ર ગંભીર બન્યુ ન હતું.

ગેમઝોનના ઉદઘાટનમાં કોઈ આઈએએસ કે આઈપીએસ અધિકારીઓ ન હતા. જે ફોટા જાહેર થયા છે તે માર્ચ ૨૦૨૨ના હતા અને ત્યારે એક અધિકારીની જન્મદિન પાર્ટીમાં જીલ્લા પોલીસ વડા, જીલ્લા કલેકટર, મ્યુનીસીપલ કમીશ્નર તથા ડીડીઓ ગયા હતા. જરૂર પડયે વધુ અધિકારીઓને પુછપરછ માટે બોલાવાશે.

## કેન્સર, તાવ, બ્લડપ્રેશર સહિતની બાવન દવાઓનાં નમૂના તપાસમાં ફેલ

નવીદિલ્હી,તા.૨૨
દેશભરમાં નિર્મિત ૫૨ દવાઓના સેમ્પલ તપાસમાં ફેલ થયા છે, જેમાં સૌથી વધુ હિમાચલ પ્રદેશમાં બનેલી ૨૨ દવાઓનો સમાવેશ થાય છે.

ડ્રગ કંટ્રોલર મનીષ કપૂરે જણાવ્યું હતું કે, ફેલ થયેલ દવાના ઉદ્યોગોને નોટીસ મોકલવામાં આવશે. બજારમાંથી દવાના સ્ટોકને પરત ખેંચી લેવામાં આવશે મેના ડ્રગ એલર્ટમાં આ સેમ્પલ ફેલ થયા છે.

દેશમાં ૫૨ દવાઓ ધોરણોમાં ખરી નહોતી સાબિત થઈ. હાઈ બ્લડ પ્રેસર, કેન્સર, દર્દ, જીવાણુ સંક્રમણ, અલ્સર, ઉધરસ, એલર્જી, વાયરસ, સંક્રમણ, એસિડીટી, ખંજવાળ, અને તાવના દવાના સેમ્પલ ખરા નહોતા મળ્યા.

# યુજીસીની કડક કાર્યવાહી : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત દેશની ૧૫૭ યુનિ. ડિફોલ્ટર જાહેર

નવી દિલ્હી, તા.૨૨: યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) એ દેશભરની ૧૫૭ યુનિવર્સિટીઓને ડિફોલ્ટર જાહેર કરી છે, જેમાં મધ્યપ્રદેશની ૭ મોટી સરકારી યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે. યુજીસીએ ડિફોલ્ટર જાહેર કરાયેલી તમામ યુનિવર્સિટીઓની યાદી પણ બહાર પાડી છે, જેમાં ૧૦૮ સરકારી યુનિવર્સિટીઓ, ૪૭ ખાનગી યુનિવર્સિટીઓ અને બે ડીમ્ડ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે.યુજીસીની માર્ગદર્શિકા મુજબ આ યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂક કરી ન હતી. લોકપાલ વિના વિદ્યાર્થીઓને તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વાસ્તવમાં, લોકપાલ વિદ્યાર્થીઓની સમસ્યાઓનું નિરાકરણ કરે છેયુજીસીએ ડિફોલ્ટ જાહેર કરેલી ગુજરાતની ૧૦ યુનિવર્સિટીઓમાં ચાર સરકારી યુનિવર્સિટીનો અને ૬ પ્રાઈવેટ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. ચાર સરકારીમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીને ડિફોલ્ટર જાહેર કરાઈ છે, જ્યારે પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં અનંત નેશનલ યુનિવર્સિટી, ગાંધીનગર યુનિવર્સિટી, ઈન્ડસ યુનિવર્સિટી, કર્ણાવતી યુનિવર્સિટી, સાર્વજનીક યુનિવર્સિટી અને કે.એન.યુનિવર્સિટીનો સમાવેશ થાય છે..

યુજીસી યાદી મુજબ સૌથી વધુ મધ્ય-દેશની યુનિવર્સિટીઓ ડિફોલ્ટર જાહેર કરાઈ છે. મધ્યપ્રદેશની કુલ ૧૬ યુનિવર્સિટીઓએ લોકપાલની નિમણૂક ન કરી હોવાના કારણે ડિફોલ્ટરમાં મુકાઈ છે. ત્યારબાદ રાજસ્થાનની ૧૪, ઉત્તર પ્રદેશની ૧૨ યુનિવર્સિટીઓ સામે છે. આ યાદીમાં પ. બંગાળની ૧૦ સરકારી યુનિવર્સિટીને પણ ડિફોલ્ટર જાહેર કરવામાં આવી છે.

### સમાચાર રાઉન્ડ અપ

- નાણામંત્રી સીતારમણનાં અધ્યક્ષ સ્થાને આજે જીએસટી કાઉન્સિલની ૫૩મી બેઠક
- અમેરીકામાં સ્નાતક થયેલ વિદ્યાથીઓને તુરંત જ ગ્રીન કાર્ડ આપવા ટ્રમ્પનું વચન
- હિન્દુજા પરીવારનાં ૪ સભ્યોને સ્વિસ કોર્ટે સાડા ચાર વર્ષની જેલની સજા ફટકારી
- જમ્મુ-કાશ્મીરનાં રીયાસી હુમલા પ્રકરણમાં ૧૦ દિવસ બાદ એક શકમંદની ધરપકડ
- આણંદ જીલ્લો કોલેરાગ્રસ્ત જાહેર : આંકલાવ અને પેટલાદ તાલુકામાં કોલેરાનાં સંખ્યાબંધ કેસો નોંધાયા
- પાકિસ્તાનનાં બીર, કેપી વિસ્તારમાં પાક. લશ્કર પર ભીષણ હુમલો થયો હોવાનાં અહેવાલો : અનેક સૈનીક માર્યા ગયા હોવાની આશંકા

લોક લાગણીને માન આપીને
બોમ્બે બજાર શો-રૂમ બંધ કરવાનો હોવાથી
સ્ટોક કલીયર કરવા સબબ
દરેક સ્કૂલ યુનિફોર્મ તેમજ કાપડ સેલમાં ૫૦% વળતર રાખેલ છે
આલ્ફા સ્કૂલ, કનેરીયા સ્કૂલ અને નોબલ સ્કૂલનાં યુનિફોર્મ અડધા ભાવમાં
પાણીનાં ભાવમાં રૂા. ૫૦૦ની આઈટમ
ફક્ત રૂા. ૧૫૦/માં
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
જેનિલ શોપીંગ સેન્ટર - જૂનાગઢ
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો.: ૯૪૨૮૯ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા.
ક્વોલીટી અને Trust માટે સૌરાષ્ટ્રભરમાં આગવું સ્થાન ધરાવતી અને જૂનાગઢ તેમજ ગીર-સોમનાથ જીલ્લાની એકમાત્ર NSE Listed હોસ્પીટલ એટલે કે
સાંગાણી હોસ્પીટલ્સ લીમીટેડ
જે હવે હેલ્થપ્લસ હોસ્પીટલનાં મેનેજમેન્ટમાં ઉમેરો કરી રહી છે...
સાંગાણી હોસ્પીટલ લીમીટેડ જે હવે હેલ્થ પ્લસ હોસ્પીટલના મેનેજમેન્ટમાં ઉમેરો કરી રહી છે ત્યારે ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે પણ સાંગાણી હોસ્પીટલ પરિવારને શુભેચ્છા પત્ર મોકલી અભિનંદન પાઠવેલ છે.
યોજના હેઠળ ફ્રી સારવાર
ઓછા ખર્ચે ઉત્તમ સારવાર
હાડકાની સારવાર
જનરલ સર્જરી
સ્ત્રીરોગ, ડિલિવરી અને સિઝેરીયન વિભાગ
નવજાત શિશુની સારવાર
અદ્યતન I.C.U. અને Md વિભાગ
સાયકીયાટ્રી વિભાગ
ડેન્ટલ સર્જરી વિભાગ
ફીઝીયોથેરાપી વિભાગ
હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ
Run by
સાંગાણી હોસ્પીટલ જુનાગઢ
લાલબહાદુર શાસ્ત્રી સોસાયટી, બસ સ્ટેન્ડ રોડ, જુનાગઢ.
24/7

# રીજીયોનલ સાયન્સ સેન્ટર-રાજકોટ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અને વિશ્વ સંગીત દિવસની ઉજવણી કરાઈ





(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૨

રીજીયોનલ સાયન્સ સેન્ટર-રાજકોટ દ્વારા તારીખ ૨૧ જૂન ૨૦૨૪ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અને વિશ્વ સંગીત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમોમાં પૂજ્ય સદ્‌ગુરુ દ્વારા સ્થાપિત ઈશા ફાઉન્ડેશનના સહયોગથી યોગ કાર્યક્રમનો આયોજન કરવામાં આવ્યું, જેમાં ઈશા ફાઉન્ડેશનના વોલેન્ટિયર્સ દ્વારા યોગ સાધના કરાવવામાં આવી હતી તથા વિશ્વ સંગીત દિવસ નિમિત્તે સાંજે ઓપન સ્ટેજ પરફોર્મન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. રીજીયોનલ સાયન્સ સેન્ટર-રાજકોટ, 'લોકો માટે, લોકો દ્વારા' થીમ આધારે વિવિધ વૈજ્ઞાનિક દિવસો, વિજ્ઞાનીઓના જન્મ દિવસો, શોધો અને વર્કશોપ્સ વગેરે આયોજિત કરે છે. દર વર્ષે, ૨૧ જૂનના રોજ યુનાઈટેડ નેશન્સ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષની થીમ મુજબ "સ્વયં અને સમાજ માટે યોગ" છે. રીજીયોનલ સાયન્સ સેન્ટર-રાજકોટ દ્વારા પૂજ્ય સદ્‌ગુરૂ દ્વારા સ્થાપિત ઈશા ફાઉન્ડેશનના સહયોગથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં પૂજ્ય સદ્‌ગુરુ દ્વારા સ્થાપિત યોગ પદ્ધતિ દ્વારા ઈશા ફાઉંડેશનના વોલેન્ટીયર બંસી પોબારૂ, ધવલ આડેસરા, જાનવી આડેસરા, જતન સાંકલીયા, વર્ષા આડેસરા, પીયુસ સાવલીયા, શીતલ સાવલીયા, દિપક પરમાર, હિમાં દવે વગેરે મહાનુભાવો દ્વારા યોગ સાધના કરાવવામાં આવી હતી, આ યોગ સાધનામાં સૌથી પહેલા ૧૨ મિનિટનું ધ્યાનયોગ કરાવવામાં આવ્યું હતું. ધ્યાન એક સરળ અને શક્તિશાળી પ્રકિયા છે, જે સ્વાસ્થ્ય, ગતિશીલતા, શાંતિ અને સુખકારી છે, ત્યારબાદ 'નમસ્કારમ' યોગની સાધના કરાવવામાં આવી, જે સરળ અને શક્તિશાળી પદ્ધતિ છે જેમાં કરોડરજ્જુ સાથેના સ્નાયુઓને મજબુત બનાવે છે. આ યોગથી શરીરને ઘણા ફાયદાઓ થાય છે ત્યારબાદ ત્રીજી યોગ પદ્ધતિ કરાવવામાં આવેલ કે જે 'નાડીશુધ્ધીયોગ' તરીકે ઓળખાય છે અને જે શરીરમાં આવેલ નાડીઓને સાફ કરે છે તથા તેના દ્વારા આંતરિક ઉર્જાઓ પ્રાપ્ત થાય છે. આ સાથે એકાગ્રતામાં વધારો યાદશક્તિ અને કાર્યક્ષમતા સ્વસ્થ શરીર અને મન લાગણીઓ, તળાવ, ચિંતામાં ઘટાડો, આનંદ, શાંતિ અને પરિપૂર્ણતાની કાયમી ભાવના કેળવાય તે અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવા પાછળનો હેતુ એ છે કે યોગ એ ભારતની પ્રાચીન પરંપરાની એક અમૂલ્ય ભેટ છે. યોગ શબ્દ "યુજ" ધાતુ પરથી ઉતરી આવ્યો છે, યુજ એટલે જોડાવું, વ્યક્તિ પોતાના આત્માની શોધ યોગની જીવનદૃષ્ટિ દ્વારા કરી શકે છે.

આ યોગથી માણસના શરીર, પ્રાણ, મન, બુદ્ધિ અને આત્માનો પૂર્ણ વિકાસ થાય છે. આ ઉપરાંત, રીજીયોનલ સાયન્સ સેન્ટર-રાજકોટ દ્વારા 'વિશ્વ સંગીત દિવસ' ની પણ ઉજવણી કરવામાં આવી, જેમાં 'ઓપન સ્ટેજ પરફોર્મન્સ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ ચાર કેટેગરીઓ જેવી કે સિંગિંગ વિથ કરાઓકે, સિંગિંગ વિથ મ્યુઝિક ઈન્સ્ટ્રૂમેન્ટ, મ્યુઝિક ઈન્સ્ટ્રૂમેન્ટ પ્લેઈંગ તથા ઓર્કેસ્ટ્રામાં લોકો પાસેથી ઓનલાઈન એન્ટ્રી મંગાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૩૮ જેટલા કલાકારોએ ભાગ લીધો હતો અને સોલો, ડ્યુએટ અને ગ્રુપમાં ગાયન અને વાદન કલાઓ પ્રસ્તુત કરી હતી. આ કલાકારોમાં રાજકોટની વેસ્ટવુડ સ્કુલની ઓરકેસ્ટ્રા તથા નીર્વાના બેન્ડ દ્વારા ખાસ પરફોર્મન્સ આપવામાં આવ્યું, ૫ જેટલા કલાકારોએ સંગીત વાધ્યો વગાડી કલા બતાવી અને ૩૧ જેટલા સંગીત પ્રેમીઓએ કારાઓકે સાથે ગાયનો પ્રસ્તુત કર્યા. આ કાર્યક્રમમાં, શ્રી માલવ મારું, કે જેઓ તમામ પ્રકારના સંગીતના નિષ્ણાત, કોમ્પોઝર અને મ્યુઝીક એરેન્જર પણ છે અને હાલમાં તેઓ મારવાડી યુનિવર્સીટીમાં સંગીત અને નૃત્ય વિભાગના વડા તરીકે કાર્ય કરે છે, તેઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સૌને પ્રેરિત કર્યા હતા.

# જૂનાગઢમાં ૨૦ દિવસમાં આરટીઓમાંથી ૨૫૬ વાહનોને ફિટનેશ સર્ટીફિકેટ અપાયા

## પરમિટ, પીયુસી, આરસી બુક, ફિટનેસ સર્ટીફિકેટ ન હોય એવા ૩૩ વાહન ચાલકોને રૂા. ૧.૬૫ લાખનો દંડ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

રાજકોટ અગ્નિકાંડ બાદ સફાળ જાગેલી સરકારે વાહનોમાં પણ ફાયર સેફટી તથા નિયમના ભંગ બદલ કાર્યવાહી કરવાના આદેશ આપતા ત્રણ સપ્તાહમાં જ જૂનાગઢ આરટીઓમાંથી ૨૫૬ વાહનોને ફિટનેસ સર્ટીફિકેટ અપાયા છે અને નિયમ ભંગ કરતા ૩૩ વાહનોને ૧.૬૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. છેલ્લા ૨૦ દિવસમાં આરટીઓ કચેરીમાંથી ૨૫૬ વાહનચાલકોને ફીટનેશ સર્ટીફિકેટ આપવામાં આવ્યા છે. આરટીઓની ચેકિંગ ઝુંબેશમાં ૨૦ દિવસમાં પરમીટ, પીયુસી, આરસી બુક તથા ફિટનેશ સર્ટી ન હોય તેવા નીયમ નેવે મુકી ચાલતા ૩૩ વાહન ચાલકો સામે કેસ કરી ૧.૬૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આરટીઓની વાહનોમાં ફિટનેશ સર્ટી મામલે ચેકિંગ ઝુંબેશ કરવામાં આવી રહી છે. જેથી ફિટનેસ સર્ટી વગર દડતા વાહન ચાલકોમાં સર્ટીફિકેટ મેળવવા દોડધામ થઈ છે. આરટીઓ કચેરી ખાતે ફિટનેસ સર્ટી કઢાવવા વાહન ચાલકનો ધસારો જોવા મળી રહ્યો છે. સરકાર દ્વારા વાહનના ફિટનેસની કામગીરી ખાનગી કેન્દ્રને સોંપવા આદેશ કરવામાં આવ્યો હતો પરંતુ જૂનાગઢ જીલ્લામાં વાહનના ફીટનેશ સર્ટીફિકેટ માટેનું એકપણ કેન્દ્ર નથી. આથી જે જીલ્લામાં વાહન ફીટનેશ માટેનું કેન્દ્ર નથી ત્યાં આરટીઓ કચેરી ખાતે જ આ કામગીરી કરવામાં આવશે.

# પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના પ્રાંગણમાં 'વિશ્વ યોગ દિવસ'ની ઉત્સાહભેર




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૨

રાજકોટ શહેરમાં જયુબિલી બાગ ખાતે આવેલી પ્રાદેશિક માહિતી કચેરીના પ્રાંગણમાં ૨૧ જૂન - 'વિશ્વ યોગ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જે અન્વયે વ્હેલી સવારે શાંત વાતાવરણમાં સાધકો યોગાભ્યાસ કરીને યોગમય બન્યા હતાં.

પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ ખાતે 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી નિમિત્તે યોગ શિબિર યોજવામાં આવી હતી. આ યોગ શિબિરમાં જોડાયેલા લોકોને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ કોચશ્રી મીતાબેન તેરૈયા અને તેમની ટીમના યોગ ટ્રેનર્સ દ્વારા સૌ પ્રથમ સૂક્ષ્મ વ્યાયામ તથા સૂર્ય નમસ્કારથી શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ યોગ શિબિરમાં ત્રિકોણાસન, વૃક્ષાસન, વક્રાસન, ઉષ્ટ્રાસન, શવાસન સહિતના યોગાસનો તેમજ કપાલભાતિ, અનુલોમ-વિલોમ જેવા વિવિધ પ્રાણાયામોનો સાધકોએ લાભ લીધો હતો. તેમજ યોગ કોચશ્રીએ યોગાસન, પ્રાણાયામ અને ધ્યાન કરવાથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને થતાં ફાયદાની જાણકારી આપી હતી તથા નિયમિત યોગ કરવા પ્રોત્સાહન આપ્યું હતું.

આ તકે સહાયક માહિતી નિયામકશ્રીઓ સોનલબેન જોશીપુરા, પ્રિયંકાબેન પરમાર, પારુલબેન આડેસરા અને વોટસન મ્યુઝિયમના ક્યુરેટરશ્રી સંગીતાબેન રામાનુજ સહિતના સ્ટાફ અને સ્થાનિકો સહભાગી બન્યા હતા.

# જૂનાગઢમાં યુવકનાં આપઘાત કેસમાં સસરા, અન્ય બે શખ્સોને જેલ હવાલે કરાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢના યુવકના આપઘાત કેસમાં ઝડપાયેલ સસરા અને અન્ય બે શખ્સને જિલ્લા જેલમાં ધકેલી દેવામાં આવ્યાં હતા. જૂનાગઢ શહેરના ઝાંઝરડા રોડ વિસ્તારમાં આવેલ શ્રીકુંજ એપાર્ટમેન્ટના પહેલા માળે રહેતા સોપારીના વેપારી ગૌરવભાઈ પુરષોત્તમભાઈ ભૂતએ ૧૫ જૂનના રોજ ગળાફાંસો ખાઈ કરેલા આપઘાત અંગે મૃતકની પત્ની નેન્સી તથા તેના પિતા રાજેશભાઈ રામાનંદી, માતા પ્રજ્ઞાબેન તેમજ જૂનાગઢના વિજય રબારી, રમેશ ઓડેદરા, કોકન રબારી અને ભીલો ઉર્ફે મામો સામે મરવા મજબૂર કર્યાની ફરિયાદ થતાંની સાથે જ પીએસઆઈ આર.એમ. વાળાએ તપાસ હાથ ધરીને ગૌરવના સસરા રાજેશભાઈ વિઠ્ઠલદાસ રામાનંદી તેમજ વિજય ભારાભાઈ હુણ અને રમેશ પરબતભાઈ ઓડેદરાની ધરપકડ કરી ૭ દિવસનાં રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરતા અદાલતે રિમાન્ડની માંગ મંજૂર કરી ત્રણેયને જેલમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો. જેના પગલે જૂનાગઢ જિલ્લા જેલમાં મોકલી દેવામાં આવ્યાં હતાં.

આ કેસમાં મૃતકની પત્ની, સાસુ અને અન્ય બે શખ્સની ધરપકડ કરવાની બાકી હોય આ આરોપીઓને ઝડપી લેવા પીએસઆઈ વાળાએ ચક્રો ગતિમાન કર્યા છે.

# જામકંડોરણામાં ગૌરક્ષક સેવા સમિતિ ટ્રસ્ટ દ્વારા મહારાજ ફિલ્મ ઉપર પ્રતિબંધ લગાવવા અપાયું



(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા.૨૨

ગૌરક્ષક સેવા સમિતિ ટ્રસ્ટ જામકંડોરણા દ્વારા વિવાદિત ફિલ્મ મહારાજ ઉપર પ્રતિબંધ લગાવવા જામકંડોરણા મામલતદાર કચેરીએ આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જેમાં ગૌ સેવા સમિતીના પ્રમુખ ક્રિપાલસિંહ એસ. જાડેજા પીપરડી, હિન્દુ ધર્મ સેના પ્રમુખ ધર્મેસભાઈ રૂપાપરા, ગૌતમભાઈ વ્યાસ, અશોકસિંહ વાઘેલા, બ્રહ્મ સમાજ યુવા પ્રમુખ જયભાઈ દવે, યુવા ભાજપ મંત્રી વિજયસિંહ જાડેજા, સાધુ સમાજ યુવા અગ્રણી મલકેશભાઈ, ભાવેશભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં પતિ-પત્નીને માર માર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૨

જૂનાગઢનાં ગણેશનગરમાં બે નંબર કુવો સમાધી પાસે રહેતા મહેશભાઈ કાંતિભાઈ સોલંકીએ અનીલભાઈ કાંતિભાઈ અને અજાણ્યા શખ્સ સામે બોલાચાલી થતાં માથામાં કુહાડીનો ઘા મારી તથા તેમની પત્નીને લાકડી તથા ઢીકાપાટુનો મુંઢમાર માર્યાની એ ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

જુગાર

માંગરોળ તાલુકાનાં મુકતુપુર ગામે જાહેરમાં જુગાર રમતા રણમલ ઘોડાદ્રા, દિપક પરમાર, રામ વાઢેર, સરમણ ડાકી અને ગોવિંદ ભરડને રોકડા રૂા. ૧૧૫૮૦ સાથે મરીન પોલીસે ઝડપી લીધેલ છે.

# ગીર ગઢડાના અભિનવ વિદ્યામંદિર ખાતે યોગ દિવસની ઉજવણી



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨૨


શ્રી અભિનવ વિદ્યામંદિર ગીર ગઢડા ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. આ અંતર્ગત તમામ વિદ્યાર્થીઓ, શાળા પરિવાર, ટ્રસ્ટીશ્રીઓ પ્રમુખ શ્રી રાજુભાઇ પટેલ, ઉપપ્રમુખ શ્રી નવિનભાઇ સોલંકી, મંત્રીશ્રી મુકેશભાઇ ગાંધી, શ્રી અનિલભાઇ વિઠલાણી વિ એ યોગ નિદર્શનમાં ભાગ લીધો. આ કાર્યક્રમ માં શાળાનાં ભૂતપૂર્વ વ્યાયામ શિક્ષક શ્રી રઘુભાઈ બારડ, વર્તમાન વ્યાયામ શિક્ષક શ્રી કરસનભાઈ બારૈયા, નિયમિત યોગ કરનાર ગણિત શિક્ષક શ્રી અરવિંદભાઈ ભાલોડીયા અને યોગી ક્રિયાનાં નિષ્ણાંત વિદ્યાર્થીઓ દ્વારા યોગ નિદર્શન કરવામાં આવ્યું અને યોગ વિષયક સમાજ આપવામાં આવી. યોગ ઉત્સવની ઉજવણી માટે શાળા પરિવાર ની અથાગ મહેનત અને આયોજન બદલ આચાર્ય શ્રી રત્નેશભાઈ જોષી દ્વારા અભિનંદન પાઠવેલ હતા.


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોનઃ ૨૬૫૨૬૧૨

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
ચૈત્રી નોરતા.. ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી
**વિજય ઘી ડીપો**
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦

**મોબાઈલ... મોબાઈલ..**
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
**શ્રી જલારામ ટેલીકોમ**
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

**સ્વાદનો ચટકો !**
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
**જલારામ પાણીપુરી**
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

૨૫૧૨૩
પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

**પ્લોટ વેચાવ છે**
૨૧૨ વાર જગ્યા કોર્નરનો પ્લોટ નં. ૩૫૪ રાયજીનગર, જૂનાગઢ
:: કોન્ટેક ::
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪

**શોરૂમ લાયક દુકાન વેંચવાની છે**
પંચહાટડી-માંગનાથ રોડ ઉપર ફસ્ટ ફલોર, રોડ સાઈડ (મોરો ૩૦ ફુટ) ૧૦૦૦ સ્કેવર ફુટ દુકાન જવેલરી, રેડીમેન્ટ, સાડી તથા દરેક ધંધાને ઉપયોગી શોરૂમ લાયક દુકાન વેંચવાની છે
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

**જલજીલ આઈસ્ક્રીમ**
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

'સ્વયં અને સમાજ માટે યોગ'ના સંદેશ સાથે

# જૂનાગઢના બહાઉદ્દિન કોલેજનાં પટાંગણમાં જીલ્લા કક્ષાના 'વિશ્વ યોગ દિવસ'ની શાનદાર ઉજવણી

## આપણા રોજિંદા નિત્યક્રમમાં યોગને સ્થાન આપી સ્વસ્થ અને તંદુરસ્ત સમાજનું નિર્માણ કરીએ : ધારાસભ્ય સંજયભાઇ કોરડીયા







## જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા, જીલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન સહિતના મહાનુભાવો અને નાગરિકો 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણીમાં જોડાયા

જૂનાગઢ, તા. ૨૨

'સ્વયં અને સમાજ માટે યોગ' ના સંદેશ સાથે આજે તા. ૨૧ જૂનના રોજ જૂનાગઢનાં બહાઉદ્દિન કોલેજ પરિસરમાં જિલ્લા કક્ષાના ૧૦માં 'વિશ્વ યોગ દિવસ'ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જૂનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, કલેકટર અનિલકુમાર રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારી નીતીન સાંગવાન, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ.નાં વિદ્યાભવનનાં વડા, જિલ્લા શિક્ષણાધિકારી લતાબેન સહિતના મહાનુભાવો યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા.

આ પ્રસંગે વિશ્વ યોગ દિવસની શુભેચ્છા પાઠવતા સંજયભાઈ કોરડીયાએ જણાવ્યું કે, સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તથા જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણીનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે તે બદલ અભિનંદન પાઠવું છું. તેમણે યોગાભ્યાસ ઉપર ભાર મુકતાં કહ્યું કે, આપણા રોજિંદા નિત્યક્રમમાં યોગને સ્થાન આપી આપણા શરીરને સ્વસ્થ રાખી તંદુરસ્ત સમાજનું નિર્માણ કરીએ. પ્રત્યેક નાગરિક નિરોગી અને તંદુરસ્ત બનશે ત્યારે જ સ્વસ્થ સમાજ અને શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ થશે.જ લોકોના આરોગ્યની જાળવણી માટે વિશ્વ યોગ દિવસની ઉજવણી પ્રસંગે જૂનાગઢ જિલ્લાની તમામ કચેરીઓ, પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો, સબ સેન્ટરો, પોલીસ સ્ટેશનો અને જિલ્લા જેલ સહિત જૂનાગઢનાં પ્રસિધ્ધ યાત્રા સ્થળો ઉપરકોટ સહિત વિવિધ જગ્યાએ પણ યોગના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પોલીસ સ્ટાફ, વિવિધ શાળા- કોલેજોનાં છાત્રો, જૂનાગઢનાં યોગ ક્ષેત્રે કાર્યરત વિવિધ સ્વયંસેવી સંસ્થાઓનાં કાર્યકર્તા, સહિત વિવિધ કચેરીના અધિકારીઓ, કર્મચારીઓ, સારી સંખ્યામાં નાગરિકો યોગાભ્યાસમાં જોડાયા હતા. કાર્યક્રમ દરમ્યાન નડ્ડાબેટથી મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં યોજાયેલ રાજ્ય કક્ષાનાં કાર્યક્રમને ઉપસ્થિત સૌએ વિડીયો માધ્યમથી માણ્યો હતો. કાર્યક્રમનું સંચાલન હારૂન વિહળે કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા રમત-ગમત કચેરી અને યુવા વિકાસ અધિકારી સુશ્રી નિતાબેન વાળા અને સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢ જીએમઈઆરએસ હોસ્પિટલ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ



જૂનાગઢ, તા.૨૨

'સ્વયં અને સમાજ માટે યોગ' ના સંદેશ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તો જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલ જૂનાગઢ ખાતે મેડિકલ સુપ્રીટેનડન્ટ ડો.કૃતાર્થ બ્રહ્મભટ્ટના નેતૃત્વ હેઠળ યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું આ કાર્યક્રમમાં સિવિલ હોસ્પિટલના ડોકટર્સ, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ તથા સ્ટુડન્ટ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. યોગગુરૂ મયુરભાઈ ચુડાસમા વૈશાલીબેન ચુડાસમા, ભાવનાબેન ગંગાવાણી તથા સલીના બેને સૌ કોઈને યોગ કરાવેલ હતા. આ યોગ કાર્યક્રમમાં યોગાસન, પ્રાણાયામ તથા ધ્યાન કરાવવામાં આવેલ હતું. શરીર તથા મનને સ્વસ્થ રાખવા માટે સૌ કોઈએ આખું વર્ષ નિયમિત રીતે યોગ કરવાનો સંકલ્પ કરેલ હતો.


# જૂનાગઢના ઉપરકોટ કિલ્લા ખાતે મહાનગરપાલિકા કક્ષાના 'વિશ્વ યોગ દિવસ'ની શાનદાર ઉજવણી




જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢ મહાનગરપાલિકા કક્ષાનો આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ઉપરકોટ કિલ્લા, જૂનાગઢ ખાતે કરવામાં આવેલ હતી. ''સ્વયંમ અને સમાજ માટે યોગ'' થીમ દ્વારા યોગ અને યોગનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતું. તેમજ યોગને જીવનનો અભિન્ન અંગ બનાવવા અંગે જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં મેયર ગીતાબેન પરમાર, કમિશ્નર ડોક.ઓમ પ્રકાશ, શહેર ભાજપ પ્રમુખ પુનિતભાઈ શર્મા, યોગીભાઈ પઢિયાર, નાયબ કમિશ્નર એ.એસ. ઝાપડા, આસિસ્ટન્ટ કમિશ્નર જે.પી. વાજા, જિલ્લા રમત વિકાસ અધિકારી ગૌરાંગ નરે, ઈ.ચા. રમત ગમત અધિકારી (મહાનગર પાલિકા) હાજાભાઈ ચૂડાસમાં, રમત કોચ (મહાનગરપાલિકા) પ્રશાંતભાઈ દેસાઈ, યોગકોચ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ વગેરે અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહી યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં જૂનાગઢ મહાનગરપાલિકાની શાળા, કોલેજોના વિદ્યાર્થીઓ, નગરજનો અને યોગ સાધકો મળી અંદાજીત ૧૦૦૦ જેટલા લોકોએ આ કાર્યક્રમમાં સહભાગી થઈ યોગ દિવસની ઉજવણી કરી હતી. તેમજ જૂનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ કક્ષાની વિવિધ શાળાઓ, જૂનાગઢ જિલ્લા જેલ, મ્યુઝિયમ અને ઔદ્યોગિક તાલીમ સંસ્થા વગેરે સ્થળો ઉપર પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# જૂનાગઢ ઉપલા દાતારની જગ્યા ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી

જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢ કોમી એકતાના પ્રતિક સમાન ઉપલા દાતારની ધાર્મિક જગ્યાએ વહેલી સવારે સમુદ્ર સપાટીથી ૩૨૦૦ ફૂટની ઊંચાઈ ઉપર આવેલ દાતાર પર્વત ઉપર ગિરનાર સ્પોર્ટ્સ એન્ડ ફિઝિકલ એકેડમીના ૩૩૨ વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ યોગ દિવસ મનાવવામાં આવ્યો હતો. દર વર્ષે ૨૧ જૂન વિશ્વ યોગ દિવસ નિમિતે મોટી સંખ્યામાં એકેડમીના તાલીમાર્થીઓ તથા એકેડમીના કોચ સાગરભાઈ કટારિયા દ્વારા અનોખી રીતે યોગ દિવસ મનાવવામાં આવે છે. દાતારના આ ધાર્મિક સ્થાનના ભીમબાપુ દ્વારા ખૂબ સહયોગ મળી રહે છે. આમ એકેડમી દ્વારા યોગ દિવસ નિમિતે વિશ્વમાં સ્વસ્થતા અને શાંતિનો સંદેશ આપવાનું અનેરૂ કાર્ય કર્યું છે.

# માંગરોળનાં શારદા ગ્રામ ખાતે યોગ દિવસની ઉજવણી

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૨૨



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંતર્ગત માંગરોળ તાલુકાના કાર્યક્રમ શારદા ગ્રામ મુકામે યોજવામાં આવેલ જેમાં વહિવટી તંત્ર દ્વારા યોગ દિવસની ખુબ સુંદર રીતે ઉજવણી કરવામાં આવી જેમાં માંગરોળ મામલતદાર અને સ્ટાફ તેમજ તાલુકા વિકાસ અધિકારી અને સ્ટાફ, તાલુકા હેલ્થ ઓફિસર, શારદાગ્રામ સંસ્થાની જહેમતથી ખૂબ સારી રીતે ઉજવવામાં આવેલ હતી જેમાં માંગરોળ તાલુકાના સંગઠન મહામંત્રી અને વિશ્વ યોગ દિવસ ઉજવણીના સંયોજક દાનાભાઈ ખાંભલા, જિલ્લા મોર્ચા માનસિંગભાઈ ડોડીયા, શારદાગ્રામ નિયામક ભાવિનભાઈ ભટ્ટ, મંગલાયતન લોકશાળા, શ્રોફ વિનય મંદિર, બીઆરએસ કોલેજ, આઈ.ટી.આઈ શાળાઓના પ્રિન્સિપાલ અને શિક્ષકો , મરીન પીઆઈ, પોલીસ, હોમગાર્ડ તેમજ વિદ્યાર્થી હાજર રહી યોગ પ્રેક્ટિસ કરવામાં આવી સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ મુખ્યમંત્રીનું યોગ પ્રેક્ટિસ કરતાનું લાઈવ પ્રસારણ નિહાળી અને છેલ્લે વહીવટી તંત્ર દ્વારા લીંબુ શરબત પાઈ સમાપન કરવામા આવ્યું હતું.

# આગામી જુન-જુલાઈના કાર્યક્રમોને લઈને રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા ફરી બેઠકોનો ધમધમાટ

## રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા 'એક પેડમાં કે નામ' અંતર્ગત તા. ૨૩ જુનથી ૬ જુલાઈ સુધી ૨ લાખ કરતા વધુ વૃક્ષારોપણનું અભિયાન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૨



આપણા સૌ માટે ઐતિહાસિક સિદ્ધિ અને ગૌરવની વાત છે કે, દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં કેન્દ્રમાં સતત ત્રીજી વખત એન.ડી.એ.ની સરકાર બની છે. વડાપ્રધાનના નેતુર્ત્વમાં કેન્દ્ર સરકાર હંમેશા ગરીબો, વંચિતો, શોષિતો, દલિતો અને આદિવાસીઓને પ્રાથમિકતાના ધોરણે સહાય પૂરી પાડી રહી છે. NDAની સરકારમાં માન.રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાજીના નિર્દેશોનુસાર તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના આદેશથી આગામી જુન-જુલાઈના કાર્યક્રમો કરવા માટે રાજકોટ જીલ્લા ભાજપ ''કમલમ'' ખાતે રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાની અધ્યક્ષતામાં અને રાજકોટ જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભાની ઉપસ્થિતિમાં રાજકોટ જીલ્લા ભાજપના હોદેદારો, જીલ્લા મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ, મંડલના પ્રભારીઓ,મંડલના પ્રમુખ-મહામંત્રીઓ, જીલ્લા સોશ્યલ મીડિયા, આઈ.ટી તેમજ પ્રેસ મીડિયાના કન્વીનર, સહ-કન્વીનરની ઉપસ્થિતિમાં આગામી કાર્યક્રમો તા.૨૧ જુન યોગ દિવસ, તા.૨૩ જુન ડો.શ્યામા પ્રસાદ મુખર્જી સ્મૃતિ દિવસ, તા.૨૩ જુનથી ૬ જુલાઈ દરમ્યાન તમામ બુથ ઉપર ''એક પેડ,માં કે નામ'' વૃક્ષારોપણ કાર્યક્રમ તેમજ સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત, પ્લાસ્ટિક મુક્ત અભિયાનઅને સાથે સાથે રકતદાન કેમ્પ, તા.૨૫ જુન ૧૯૭૫ના રોજ કટોકટી કાળો દિવસ દેશમાં લાદીને કોંગ્રેસ દ્વારા લોકશાહીને ખતમ કરવાનું કાર્ય કર્યું હતું. જેમાં દેશવાસીઓ ઉપર અત્યાચાર અને મીડિયા ઉપર સેન્સરશીપ લાદવા જેવા વિવિધ પ્રકારના અત્યાચારોને લીધે દેશમાં તા.૨૫ જુનનો દિવસ કાળો દિવસ તરીકે ઓળખવામાં આવે તેમજતા.૩૦ જુન મન કી બાતના કાર્યક્રમની રૂપરેખા અને મંડલ સહ બુથ અને તેમના ઈન્ચાર્જની નિમણુંક સાથે કાર્યક્રમ વધુમાં વધુ સફળ થાય તેવું આયોજન કરવામાં આવેલ છે.

આ સમગ્ર બેઠકનું સંચાલન જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાએ કર્યુ હતું તેમજ રાજકોટ જીલ્લા સંગઠનની ટીમની કામગીરીને એક વર્ષ પૂર્ણ થતા સફળતા અને સિદ્ધિઓ બિરદાવી કાર્યકરોને અભિનંદન પાઠવી આગામી કાર્યક્રમોને કેમ વધુ સફળ બનાવવા તે અંગે માહિતી અને માર્ગદર્શન જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા અને આભારવિધિ જીલ્લા મહામંત્રી હરેશભાઈ હેરભાએ કરી હતી. તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાં જણાવે છે.

# સંરક્ષણ ભરતી પુર્વ નિવાસી તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોને અનુરોધ

જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢ જિલ્લાના યુવાનો આર્મિમાં ભરતી થાય તે હેતુથી આર્મિ રિક્રૂટિંગ ઓફિસ-જામનગર દ્વારા આગામી સમયમાં તા.૧૧-૭-૨૦૨૪ થી તા. ૨૦-૭-૨૦૨૪ દરમ્યાન સ્પોર્ટ્સ કોપ્મલેક્ષ, ભાવનગર ખાતે લશકરી ભરતી મેળાનું આયોજન થનાર છે. જેમાં જૂનાગઢના યુવાનો શ્રેષ્ઠ દેખાવ કરી શકે અને પસંદગીના તમામ તબક્કાઓ ઉતીર્ણ કરી રાષ્ટ્ર સેવામાં જોડાય તે હેતુસર ૩૦ દિવસની નિવાસી તાલીમ વર્ગનું આયોજન જિલ્લા રોજગાર વિનીમય કચેરી જૂનાગઢ દ્વારા કરવામાં આવનાર છે. આ તાલીમ વર્ગમાં ધો.૧૦ પાસ કે તેથી વધુ હોય તેમજ ઉમેદવારની ઉમર ૧૭.૫ થી ૨૩ વર્ષથી વધુ ના હોવી જોઈએ. તેમજ શારિરીક અને માનસિક સક્ષમ ઉમેદવાર જ આ તાલીમ વર્ગમાં અરી કરી શકશે. અરજી અંગેનું ફોર્મ જિલ્લા વિનિમય કચેરી જૂનાગઢ ખાતેથી વિનીમુલ્યે મેળવી પોતાની અરજી તથા જરૂરી સાધનીક કાગળો સાથે ૬ દિવસમાં જીલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતે માકલવાની રહેશે. અરજી પત્રક તથા ધો ૧૦ની માર્કશીટની નકલ તથા શાળા છોડ્યાનું પ્રમાણ પત્રની નકલ અને આધાર કાર્ડની નકલ, પાસપોર્ટ સાઈઝનો ફોટો નંગ-૨ બેંક પાસબુકની નકલ તેમજ એન.સી.સીનું પ્રમાણપત્ર ધારવતા હોઈ તો તેની નકલ અરજી ફોર્મ સાથે જોડવાની રહેશે. તેમજ માહે એપ્રિલ ૨૦૨૪માં ઓજાયેલ અગ્નિવીરની લેખી પરીક્ષમાં પાસ થયેલ અને એડમીટ કાર્ડ ધરાવતા ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે. તેમ જિલ્લા રોજગાર અધિકારી જૂનાગઢની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી ટે.નં. ૦૨૮૫-૨૬૨૦૧૩૯ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# જૂનાગઢ આલ્ફા ઈન્ટરનેશન સ્કુલમાં યોગ ડેની ઉજવણી



જૂનાગઢ, તા.૨૨ : આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલ્સ જૂનાગઢ દ્વારા ૨૧ જૂન, ૨૦૨૪ના રોજ વિદ્યાર્થીઓમાં શારીરિક તંદુરસ્તી અને માનસિક સતર્કતાના મહત્વને જાગૃત કરવા માટે 'યોગ ફોર હ્યુમેનિટી' થીમ ઉપર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

## નક્સલવાદ પર વિપક્ષ બેનકાબ

આજકાલ નક્સલીઓ મુશ્કેલીમાં છે. પરિસ્થિતિઓ બદલાઈ રહી છે. ૨૦૨૪ના સાડા ચાર મહિનામાં જ ૧૧૦થી વધુ નક્સલી માર્યા ગયા છે. ગભરાયેલા નક્સલીમાં આત્મસમર્પણની હોડ જામી છે. આ કારણે નક્સલ નેતૃત્વ ગભરાટમાં છે. નક્સલીઓના સંરક્ષક અને સમર્થક પણ ગભરાટમાં છે. ૧૦ મેએ બીજાપુરના પીડિયામાં ૧૨ નક્સલીઓ માર્યા ગયા બાદ દાવો કરાઈ રહ્યો છે કે નક્સલીઓના નામ પર ગ્રામીણોને મારવામાં આવ્યા. કોંગ્રેસીઓ, ડાબેરીઓ અને કેટલાક આદિવાસી સંગઠનોમાં પણ બેચેની છે. આ સંગઠનો તપાસ કમિટિઓએ ગામની મુલાકાત લઈને નિઃશસ્ત્ર લોકોને મારવાનો આરોપ લગાવ્યો છે. જિલ્લા પ્રશાસન દ્વારા કરાઈ રહેલ ન્યાયિક તપાસનો રિપોર્ટ હજુ નથી આવ્યો, પરંતુ પ્રચાર મેળવવા નક્સલ સમર્થક ચોતરફી દબાણ બનાવવામાં લાગ્યા છે.

બીજી તરફ આ વખતે ભાજપ સરકાર પણ તૈયારીમાં છે. પ્રશાસને માર્યા ગયેલ તમામ ૧૨ નક્સલીઓ વિરુદ્ધ અપરાધિક પ્રમાણ એકઠા કર્યા છે. જલ્દી તેમના વિરુદ્ધ પહેલાં નોંધાયેલ કેસોની યાદી જાહેર કરવાની સંભાવના છે. ૧૦ મેએ અથડામણ દરમ્યાન સમર્પણ કરનારી એક મહિલા નક્સલીએ શનિવારે નક્સલીઓની બદલાયેલી રણનીતિની પુષ્ટિ કરી દીધી છે. તેણે કહ્યું કે નક્સલી અને તેમના સમર્થકો નકલી એન્કાઉન્ટરનો આરોપ લગાવીને સરકાર પર દબાણ બનાવવાની રણનીતિક કાવતરામાં જોડાઈ ગયા છે. તેના માટે નક્સલીઓને ગ્રામીણોના કપડાંમાં રાખવામાં આવે છે. અથડામણમાં તેઓ માર્યા જાય તો પાંદડાં વીણવા ગયેલા ગ્રામીણોને મારવાની વાતો કહેવાઈ રહી છે. જ્યારે પાંદડાં વીણવાની જગ્યા ત્યાંથી તો લગભગ ૨૦ કિલોમીટર દૂર છે.

બદલાવને આ તથ્યો સાથે પણ સમજી શકાય છે કે છેલ્લા સાડા ચાર મહિનામાં ૪૦૦થી વધુ નક્સલીઓએ સમર્પણ કર્યું છે તો લગભગ ૨૦૦ નક્સલીની ધરપકડ કરાઈ ચૂકી છે. આસપાસના ૨૦ થી ૩૦ કિલોમીટર ક્ષેત્રમાં સુરક્ષા સુનિશ્ચિત કરનારા ૨૫થી વધુ કેમ્પ પણ આ દરમ્યાન ખૂલી ચૂક્યા છે તથા બીજા ૫૦ કેમ્પ ખોલવાની પ્રક્રિયા ચાલુ છે. અહીં ધ્યાન આપવાની વાત એ છે કે લગભગ એક મહિના પહેલાં ૧૬ એપ્રિલે ૨૯ ન્સલીઓ માર્યા જતાં પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે નક્સલીઓના નામે ગ્રામીણોને મારવાના આરોપ લગાવ્યા. એ દરમ્યાન તમામ નક્સલીઓએ વર્દી પહેરી હતી, તેથી ટીકા વધતાં બઘેલે પોતાનું નિવેદન પાછું ખેંચ્યું. આ વખતે નક્સલીઓ ગ્રામીણો જેવાં કપડાંમાં હતા. બઘેલની સાથે સાથે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ દીપક બૈજ, ડાબેરી નેતા મનીષ કુંજામ વગેરે પણ કૂદી પડ્યા છે.

બીજી તરફ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાય સહિત અન્ય ભાજપી નેતા આમાં કોંગ્રેસ નેતાઓ અને નક્સલીઓ વચ્ચે સાંઠગાંઠનો આરોપ લગાવી ચૂક્યા છે. મે ૨૦૧૩ના રોજ ઝીરમ કાંડમાં કોંટાના ધારાસભ્ય કવાસી લખમાની ભૂમિકા હજુ પણ સવાલોમાં છે અને તપાસ રિપોર્ટ જાહેર થવાની રાહ જોવાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારકંડના ઘાટશિલામાં એમ કહીને મુદ્દાની પ્રાસંગિકતા વધારી દીધી છે કે કોંગ્રેસના શેહજાદા નક્સલીઓની ભાષા બોલી રહ્યા છે. નક્સલીઓના માર્યા જવાનો આંકડો પણ કોંગ્રેસીઓનું નક્સલીઓ પ્રત્યે નરમ વલણ હોવાના આરોપને આધાર આપ્યો છે. ૨૦૧૮માં ભાજપ સરકારના કાર્યકાળમાં ૧૧૨ નક્સલી માર્યા ગયા હતા, જ્યારે પ્રદેશમાં કોંગ્રેસની સરકાર બનતાં જ ૨૦૧૯માં ૬૫, ૨૦૨૦માં ૪૦, ૨૦૨૧માં ૫૧ નક્સલીઓ માર્યા ગયા. આ આંકડા વધુ ઘટતાં ૨૦૨૨માં ૩૦ અને ૨૦૨૩માં માત્ર ૨૦ રહી ગયો. તેની સામે નક્સ્લીઓએ ૨૦૨૧માં ૩૩ ગ્રામીણોની હત્યા કરી અને ૪૬ જવાન બલિદાન થયા. ૨૦૨૩માં ૨૦ નક્સલીઓને જ મારી શકાયા, જ્યારે નક્સ્લીઓએ ૪૧ ગ્રામીણોને મારી નાખ્યા અને ૨૫ જવાનો બલિદાન થયા. આ રીતે ૨૦૦૧થી અત્યાર સુધી લગભગ ૧૨૧૦ નક્સલીઓને જવાનોએ ઠાર માર્યા છે તો બદલામાં લગભગ ૧૭૫૦ ગ્રામીણોના જીવ ગયા છે અને લગભગ ૧૩૦૦ જવાનો બલિદાન થયા છે. ૨૦૨૪ના પહેલા સાડા ચાર મહિનામાં જ ૧૧૦ નક્સલીઓને ઠાર કરાયા છે અને જવાનોનું બલિદાન એકલ અંકમાં છે.

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ સુદ-૧૫ જયેષ્ઠ પૂર્ણિમા, વટસાવિત્રી વ્રત પારણા, એકમ તિથિનો ક્ષય છે, ગુરૂ શ્રી ગોવિંદસિંહ જયંતિ તા.૨૨ જૂન ૨૦૨૪, શનિવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૧૫, મૂળ નક્ષત્ર, શુક્લ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૯

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ધાર્યા કાર્યમાં વિલંબ થાય. આર્થિક સમસ્યા હળવી બને.
વૃષભ:મનની ચંચળતા દૂર થાય. કર્મક્ષેત્રે સફળતા મળે.
મિથુન:કાર્યબોજમાં વધારો થાય. વ્યર્થ દોડાદોડી રહે.
કર્ક: માનસિક પ્રફુલિતતા રહે. આર્થિક ચિંતા દૂર થાય.
સિંહ: સાહસિક કાર્યમાં સફળતા મળે. આકસ્મીક ધન લાભ થાય.
કન્યા: ગૃહવિવાદ, પુરૂષાર્થનું શુભ ફળ મળે.
તુલા: પ્રવાસ ટાળવો હિતાવહ. આરોગ્ય બાબતે સંભાળવું.
વૃશ્ચિક:બગડેલા કાર્યો સુધરે. સંતાનથી લાભ થાય.
ધન: માનસિક ચિંતા દૂર થાય. આવકમાં વૃધ્ધિ થાય.
મકર: મહત્વની તક સાંપડે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય.
કુંભ: વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. કર્મક્ષેત્રે પરિવર્તનનો માર્ગ ખુલે.
મીન: સંપતિ સંબંધિ કાર્યમાં સફળતા મળે.

### TET-TAT પાસ ઉમેદવારોના આંદોલન

# રાજ્યના ૧૩ હજારથી વધુ જ્ઞાન સહાયકો સીએલ પર ઉતર્યા

## રાજ્યમાં ૭૫૦૦ શિક્ષકોની ભરતી ત્રણ મહિનામાં કરવાની જાહેરાત કરી છે ત્યારે જ્ઞાન સહાયકોની માગ છે કે આ ભરતી મહેકમના ૧૦ ટકા જેટલી પણ નથી



અમદાવાદ,તા.૨૨

રાજ્યમાં કાયમી શિક્ષક ભરતીની માગ સાથે રાજ્યના ૧૩ હજાર અને અમદાવાદના ૬૦૦થી વધુ જ્ઞાન સહાયકો માસ સીએલ પર ઉતર્યા છે. તાજેતરમાં TET-TAT પાસ ઉમેદવારોના આંદોલન બાદ સરકારે રાજ્યમાં ૭૫૦૦ શિક્ષકોની ભરતી ત્રણ મહિનામાં કરવાની જાહેરાત કરી છે. ત્યારે જ્ઞાન સહાયકોની માગ છે કે આ ભરતી મહેકમના ૧૦ ટકા જેટલી પણ નથી.

રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓમાં સરકારે કાયમી ભરતી કરવાની જાહેરાત કરી છે. ત્યારે કાયમી શિક્ષક ભરતીની માગ સાથે આજે જ્ઞાન સહાયકો માસ સીએલ પર ઉતર્યા છે.

રાજ્યના ૧૩ હજારથી વધુ જ્ઞાન સહાયકો મહેકમ પ્રમાણે ભરતી કરવાની માગ સાથે વિરોધ નોંધાવી રહ્યા છે. આ શિક્ષકોની માગ છે કે રાજ્યમાં ૭૮ હજાર TET-TAT પાસ ઉમેદવારો છે. જેની સામે સરકારે આગામી ત્રણ મહિનામાં લાયકાતના આધારે ૭૫૦૦ જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરવાની જાહેરાત કરી છે. જે મહેકમના પુરા ૧૦ ટકા પણ નથી. જ્ઞાન સહાયકોની માગ છે કે રાજ્યમાં ૭૮ હજાર TET-TAT પાસ ઉમેદવારો છે તો સરકારે ઓછામાં ઓછા ૩૫ હજાર કાયમી શિક્ષકોની ભરતી કરવી જોઈએ.

TET-TAT પાસ ઉમેદવારોની મુખ્ય માગ એવી હતી કે રાજ્યમાં જ્ઞાન સહાયકોની ભરતીની જગ્યાએ શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવે. રાજ્યમાં ટેટ-ટાટ પાસ ઉમેદવારોની વયમર્યાદા પૂર્ણતાના આરે છે. રાજ્યમાં અત્યારે ૭૦ હજારથી વધુ શિક્ષકોની ઘટ છે અને ૧.૩૮ લાખ ઉમેદવારોએ પરીક્ષા પાસ કરી છે છતા કાયમી ભરતી માટે આંદોલન કરવુ પડી રહ્યુ છે.

આ અંગે પ્રવક્તા મંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે ટેટ-ટાટ પરીક્ષા નોકરી આપવા માટે નહીં પરંતુ લાયકાત માટેની પરીક્ષા છે. પ્રાથમિક શાળાના શિક્ષકોની કાયમી ભરતીના નિયમો બની રહ્યા છે. જે ફાઈનલ થયા પછી ભરતી પ્રક્રિયા જાહેર કરાશે.

ઉમેદવારોનો સરકાર સામે સીધો આક્ષેપ છે કે સરકાર કાયમી શિક્ષકોની ભરતી ન કરીને ગ્રાન્ટેડ શાળાઓને બંધ કરવા ઈચ્છે છે. શિક્ષકો જ્યારે રજૂઆત કરવા જાય છે ત્યારે તેમની સાથે આરોપીઓ જેવો વ્યવહાર કરવામાં આવે છે. તેમને ડિટેન કરવામાં આવે છે. જ્ઞાન સહાયકોની માગ છે કે જો તેમની કાયમી ભરતી કરવામાં નહીં આવે તો આગામી સમયમાં વધુ જલદ આંદોલન કરવામાં આવશે. ઉમેદવારોનો આક્ષેપ છે કે જ્યારે જ્ઞાન સહાયક યોજના લાવવામાં આવી હતી ત્યારે જ કાયમી ભરતીની બાંહેધરી આપવામાં આવી હતી, પરંતુ આજ સુધી ભરતી ન કરાતા જ્ઞાન સહાયકોએ હવે સરકાર સામે માસ સીએલનું શસ્ત્ર ઉગામ્યુ છે.

# ખંભાળિયા રેલવે સ્ટેશન પાસે ચાલતી કામગીરીમાં પાર્કિંગ જેવા સામાન્ય મુદ્દે લોકોને વ્યાપક હાલાકી

### તંત્ર દ્વારા સામાન્ય દંડમાં પણ વ્યાપક માનસિક ત્રાસ અંગેની રજૂઆતો

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૨

ખંભાળિયા શહેરની પાદરમાં આવેલા રેલવે સ્ટેશન પાસે હાલ ચાલી રહેલી વિવિધ પ્રકારની રોડ સહિતની કામગીરીમાં અહીં આવતા લોકોને પાર્કિંગમાં હાલાકી તેમજ આ મુદ્દે સામાન્ય દંડ અંગે પણ ખૂબ જ માનસિક ત્રાસ થતો હોવા અંગેના આક્ષેપ સાથે ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરવામાં આવી છે.

ખંભાળિયામાં આવેલા રેલ્વે સ્ટેશનમાં વ્યાપક પ્રમાણમાં વિકાસ કાર્યો હાલ પૂરજોશમાં ચાલી રહ્યા છે. સ્ટેશનની બહાર ઠેર ઠેર ઈમલો ખડકાયેલો છે. અહીં રેલવે દ્વારા સત્તાવાર પાર્કિંગ ખોદીને બનાવવામાં આવી રહ્યું છે. ત્યારે અહીં મુસાફરો તેમજ તેડવા-મુકવા આવતા નગરજનો ક્યારેક અજાણતા અથવા ક્યારેક ઉતાવળમાં અહીં ભૂલથી વાહન પાર્ક કરે તો અહીંના રેલવે પોલીસ કરવી તુરંત જ અહીં પ્રગટે છે અને જાણે કોઈ મોટો ગુનો કર્યો હોય તેવી પરિસ્થિતિ સર્જીને જે-તે આસામીને પોતાની ઓફિસમાં લઈ જાય છે.

અહીં તેઓના નામ, નંબર વિગેરે વિગત સાથેનું ફોર્મ ભરી અને લાંબી પળોજણ તેમજ માનસિક યાતના બાદ પુનઃ આવવા માટે સપ્તાહ- બે સપ્તાહની મુદત આપી અને રવાના કરે છે. અહીં પોલીસ કોઈ દંડ કરતી નથી. પરંતુ થોડા દિવસો પછી અહીં આવતા મેજિસ્ટ્રેટ પાસે આવા આસામીને બોલાવવામાં આવે છે. આ દિવસે ૪૦-૫૦ જેટલા આસામીઓ આવી રીતે હાજર થયા હોય છે. મેજિસ્ટ્રેટ સાહેબ આ તમામ પાસે પોતાનો ગુનો કબુલ કરાવી અને વારાફરતી રૂપિયા ૧૦૦ નો દંડ કરીને છુટા કરે છે.

આમ, ભૂલથી પાર્કિંગ કરાય તો લોકોએ જાણે કોઈ મોટો અપરાધ કર્યો હોય તેવી લાગણી અનુભવી અને રેલવે તંત્રની આવી નીતિરીતિ સામે ઉગ્ર રોશની લાગણી વ્યક્ત કરે છે.



ઉપરોક્ત મુદ્દે અહીના નાગરિક સમિતિના પ્રમુખ ડો. એચ.એન. પડિયા દ્વારા ઉગ્ર વિરોધ વ્યક્ત કરી અને તંત્ર દ્વારા આવા નિયમમાં તાકીદે ફેરફાર કરી, જે-તે આસામીની ભૂલ હોય તો હાજર દંડ કરીને રવાના કરે તે બાબત પર ભાર મૂક્યો છે.

આ ઉપરાંત અહીંના રેલવે વિસ્તારમાં આવતા કેટલાક રસ્તાઓ તેમજ અંડર બ્રિજ પણ ખૂબ જ જર્જરીત હાલતમાં હોય, આ મુદ્દે પણ રેલવે તંત્ર દ્વારા તાકીદે જરૂરી પગલાં લેવામાં આવે તેમ પણ તેમણે વધુમાં જણાવ્યું છે.

### કાર્યકરોનું પોલીસ સાથે ઘર્ષણ

# અમદાવાદમાં NEET કૌભાંડ મામલે કોંગ્રેસનો હલ્લાબોલ

### કૌભાંડ સાથે જોડાયેલા આરોપીઓને જેલ ભેગા કરવા માંગ

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ સહિત દેશના સમગ્ર રાજ્યોમાં પૈસા દો, પેપર લો', જેવા સુત્રોચ્ચાર સાથે કોંગ્રેસે અનોખો વિરોધ નોંધાયો છે. ત્યારે અમદાવાદ શહેરમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ગુજરાત કોંગ્રેસના મોટા નેતાઓ, NSUI કાર્યકર્તાઓ, સેવાદળના કાર્યકર્તાઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમાં ૫૦૦ના દરની નકલી ચલણી નોટોના બંડલો ઉછાળવામાં આવ્યા હતા. કાર્યકરોએ નારેબાજી કરી હતી. ગ્લુકોઝના બાટલા મુકીને તંત્ર માંદગીમાં છે એવા સુત્રોચ્ચાર કર્યા હતાં. NEET પરીક્ષા કૌભાંડ સાથે જોડાયેલા આરોપીઓને જેલ ભેગા કરવા ઉગ્ર માંગ કરી હતી.

ગુજરાત સાહિત સમગ્ર દેશમાં કોંગ્રેસ દ્વારા NEET પેપર લીક કૌભાંડ મામલે કેન્દ્ર સરકાર સામે વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જે અંગે ગુજરાતમાં કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, ધારાસભ્ય શૈલેશ પરમાર, વિપક્ષ નેતા શેહઝાદખાન પઠાણ, પ્રદેશ પ્રવકતા મનીષ દોશી, પાર્થિવરાજસિંહ કઠવાડિયા, NSUI કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં જોડાઈને ઉગ્ર વિરોધ નોંધાયો હતો જો કે વિરોધની પોલીસ પરમિશન ન હોવાથી તમામ કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી. જોકે NEET પરીક્ષાને લઈને ચાલી રહેલો વિવાદ ખતમ થવાનું નામ નથી લઈ રહ્યો. સુપ્રીમ કોર્ટે ગ્રેસ માર્કસ મેળવનારા ૧૫૬૩ ઉમેદવારોની ફરીથી પરીક્ષા કરવાનો આદેશ આપ્યો છે. આ પરીક્ષા ૨૩મી જૂને લેવામાં આવશે. તેના પરિણામો ૩૦ જૂન સુધીમાં આવશે. સુપ્રીમ કોર્ટે NEETના કાઉન્સેલિંગ પર પ્રતિબંધ મૂકવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. આ પહેલા NEETના પેપર લીક થવાનું કારણ આપીને NEETના પરિણામ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી હતી, પરંતુ તે પછી પણ સુપ્રીમ કોર્ટે દ્રઈઈના પરિણામ પર પ્રતિબંધ મૂકવાનો ઈક્રાર કરી દીધો હતો. ત્યારે NEET પરીક્ષામાં કથિત કૌભાંડ મામલે ગુજરાત કોંગ્રેસે સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા છે.

### વડોદરામાં સ્કૂલ વાન ડ્રાઈવરની બેદરકારી સામે આવી

# પુરઝડપે જઈ રહેલ વાનમાંથી બે વિદ્યાર્થીનીઓ પટકાઈ

### ઘટનામાં અમે તપાસ કરી રહ્યા છીએ : વાન ચાલકનું લાયસન્સ પણ સસ્પેન્ડ કરાશે : RTO ઈન્સ્પેક્ટર એસપી સુથાર

વડોદરા , તા.૨૨

વડોદરાથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં એક સોસાયટીમાંથી પુરપાટ ઝડપે પસાર થતી સ્કૂલ વાનમાંથી બે વિદ્યાર્થિનીઓ પટકાઈ હતી. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. જોકે, આ ઘટનામાં વિદ્યાર્થિનીઓને ઈજા પહોંચી હતી.રાજકોટના અગ્નિકાંડ બાદ રાજ્ય સરકારે વિવિધ વિભાગો માટે ગાઈડલાઈન જાહેર કરી છે. જેમાં આરટીઓ વિભાગને પણ જરૂરી સૂચનાઓ આપી છે અને સ્કૂલ વાનમાં ભરચક ભરવામાં આવતા બાળકો સામે કાર્યવાહી કરવા પણ જણાવ્યું હતું. તાજેતરમાં વડોદરા પોલીસે આ અંગે ગણતરીના દિવસ માટે સ્કૂલ વાનો માટે ચેકિંગ કરીને કાર્યવાહી કરી હતી. ત્યારબાદ ફરી પાછું જેસે તે પરિસ્થિતિ થઈ ગઈ છે.

સ્કૂલ શરૂ થતાં બાળકોને ઘરે મૂકવા જતી સ્કૂલ વાનમાંથી બે વિદ્યાર્થીની પાછળના દરવાજેથી નીચે પટકાતા ઘસડાઈ હતી. જેને કારણે તેઓને ગંભીર ઈજા પહોંચી હતી. આ સીસીટીવી કઈ સોસાયટીનો છે તેની માહિતી મળી નથી. પરંતુ બગીખાના વિસ્તારની સ્કૂલના વિદ્યાર્થીઓને મુકવા સ્કૂલ વાન જતી હતી તેવી પ્રાથમિક માહિતી બહાર આવી છે RTO ઈન્સ્પેક્ટર એસપી સુથારે જણાવ્યું હતું કે, આ સમગ્ર ઘટનામાં અમે તપાસ કરી રહ્યા છીએ. વાન ચાલકનું લાયસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવશે. જ્યારે પીઆઈ પીડી પવારે જણાવ્યું હતું કે, હું હાલ અહીં જોવા માટે આવ્યો છે. કેમેરામાં ગાડી નંબર જોઈ તેનો માલિક કોણ છે તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### અરવિંદ કેજરીવાલની મુશ્કેલી વધી

# લીકર પોલિસી કૌભાંડ મામલે મળેલી જામીન પર હાઈકોર્ટે લગાવી રોક

### દિલ્હી હાઈકોર્ટે આગામી સુનાવણી ન થાય ત્યાં સુધી કેજરીવાલને જામીન આપવાનો રાઉઝ એવન્યુ કોર્ટનો આદેશ રદ રહેશે



નવી દિલ્હી, તા.૨૨

દિલ્હી લિકર પોલિસી કૌભાંડમાં કથિત મની લોન્ડિંગ કેસમાં તિહાર જેલમાં બંધ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હાલ જેલમાં જ રહેશે. દિલ્હીની નીચલી કોર્ટે ગઈકાલે તેમને જામીન આપી મોટી રાહત આપી હતી, જોકે આજે હાઈકોર્ટે તેમના જામીન પર રોક લગાવી દીધી છે. દિલ્હી હાઈકોર્ટે આગામી સુનાવણી ન થાય ત્યાં સુધી ટ્રાયલ કોર્ટના આદેશ પર રોક લગાવી દીધી છે. દરમિયાન દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે કેજરીવાલને જામીન આપ્યા બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. ત્યારબાદ હાઈકોર્ટે આદેશ આપ્યો છે કે, જ્યાં સુધી આગામી સુનાવણી ન થાય ત્યાં સુધી કેજરીવાલને જામીન આપવાનો રાઉઝ એવન્યુ કોર્ટનો આદેશ રદ રહેશે. આ સાથે હાઈકોર્ટે ઈડીની અરજી પરનો નિર્ણય સુરક્ષિત રાખ્યો છે. કોર્ટે એમ પણ કહ્યું છે કે, ઈડીની અરજી અંગે બેથી ત્રણ દિવસમાં નિર્ણય સંભળાવાશે. હાઈકોર્ટે વકીલને સોમવાર સુધીમાં દલીલો દાખલ કરવા કહ્યું છે.

ઉલ્લેખનીય છે કે કેજરીવાલને એક દિવસ પહેલા જ ગુરુવારે ટ્રાયલ કોર્ટે જામીન આપ્યા હતા જેના વિરોધમાં ઈડીએ દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરી હતી. ઈડીએ હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે ટ્રાયલ કોર્ટમાં અમને આ મામલે અમારી દલીલો રજૂ કરવા માટે પર્યાપ્ત સમય જ નહોતો અપાયો. ઈડીએ પીએમએલએની કલમ ૪૫નો હવાલો પણ આપ્યો હતો. ઈડી વતી એએસજી રાજૂએ કહ્યું હતું કે અમારો કેસ મજબૂત છે. આ સાથે તેમણે સિંઘવીની હાજરીનો પણ વિરોધ કર્યો હતો. ઈડીએ કહ્યું હતું કે તપાસ હવે અંતિમ તબક્કામાં છે ત્યારે કેજરીવાલને મુક્ત કરવાથી તપાસ પર અસર થશે કેમ કે આરોપી મુખ્યમંત્રી જેવા મહત્ત્વપૂર્ણ હોદ્દા પર નિયુક્ત છે. ઉલ્લેખનીય છે કે ઈડીએ દિલ્હી એક્સાઈઝ નીતિ કૌભાંડ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં ૨૧ માર્ચે ધરપકડ કરી હતી.કેજરીવાલને જામીન આપવાના કોર્ટના આદેશ પછી આપ નેતા આતિશીએ જણાવ્યું હતું કે, સત્યનો વિજય થયો છે. દિલ્હી સરકારના મંત્રી આતિશીએ એક્સ પર લખ્યું હતું કે સત્ય મેવ જયતે. આમ આદમી પાર્ટીએ વધુમાં જણાવ્યું હતું કે, સત્યને ક્યારેય હરાવી શકાતું નથી. પાર્ટીએ એક્સ પર લખ્યું હતું કે, સત્ય મુશ્કેલીમાં મુકાઈ શકે છે પણ સત્યને હરાવી શકાતું નથી. ભાજપની ઈડીના તમામ વાંધાઓને ફગાવીને કેજરીવાલને જામીન આપ્યા છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટના સ્પેશિયલ જજ ન્યાય બિંદુએ એક લાખ રૂપિયાના પર્સનલ બોન્ડ પર આપ નેતાને રાહત આપી હતી. કોર્ટે જામીનના આદેશ પર ૪૮ કલાક માટે સ્ટે મૂકવાની ઈડીની અપીલ પણ ફગાવી દીધી હતી.

## દીપડાના હુમલાથી મોત થયું

જૂનાગઢ,તા.૨૨

જૂનાગઢમાં દીપડાના હુમલાથી આધેડ છગનભાઈ સગરનું મોત થયું છે. વિસાવદરમાં દીપડાના હુમલામાં આધેડનું મોત થયું છે. તેના લીધે તાલુકાથી લઈને ગ્રામીણ પંથકમાં દીપડાની દહેશત છે. જૂનાગઢમાં દીપડાના હુમલાથી આધેડ છગનભાઈ સગરનું મોત થયું છે. વિસાવદરમાં દીપડાના હુમલામાં આધેડનું મોત થયું છે.

# રાજ્યના ૨.૩૮ લાખ વિદ્યાર્થીઓની ૨૪ જૂનથી પૂરક પરીક્ષા લેવામાં આવશે

**● શિક્ષણ બોર્ડ દ્વારા પૂરક પરીક્ષાનો એક્શન પ્લાન જાહેર કરાયો ● ધોરણ-૧૦માં ૧.૩૭ લાખ, ૧૨ સા.પ્ર.માં ૬૬ હજાર અને સાયન્સમાં ૩૪ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે**

અમદાવાદ,તા.૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૪ જૂનથી ૨.૩૮ લાખ વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવામાં આવશે. પુરક પરીક્ષા માટે ધોરણ૧૦ના ૪૧ કેન્દ્રો ઉપર ૩૮૩ સ્કૂલો અને ધોરણ-૧૨ના ૩૪ કેન્દ્રો ઉપર ૨૭૦ સ્કૂલો નક્કી કરવામાં આવી છે. ૨૪ જૂનથી શરૂ થનારી પુરક પરીક્ષા ૪ જુલાઈના રોજ પુર્ણ થશે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ બોર્ડ દ્વારા ૨૪ જૂનથી ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષા લેવામાં આવનાર છે. આ પુરક પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૨૩૮૦૩૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે. પરીક્ષાને લઈને શિક્ષણ બોર્ડ દ્વારા એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. ધોરણ-૧૦ની પરીક્ષા માટે ૩૪ ઝોનની રચના કરવામાં આવી છે. જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા માટે પણ ૩૪ ઝોન રચાયા છે. ધોરણ-૧૦ માટે કુલ ૪૧ કેન્દ્રો અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ માટે ૩૪ કેન્દ્રો ઉપરથી પરીક્ષા લેવામાં આવશે. ધોરણ-૧૦ની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૧૩૭૦૨૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમાં અમદાવાદ શહેરમાં ૧૦૫૭૮ અને અમદાવાદ ગ્રામ્યમાં ૭૪૨૬ વિદ્યાર્થીઓ નોંધાયા છે. સૌથી વધુ વિદ્યાર્થીઓ સુરતમાં ૧૧૧૦૫ નોંધાયા હોવાનું જાણવા મળે છે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં સમગ્ર રાજ્યમાં ૬૬૦૮૫ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમાં અમદાવાદ શહેરમાં ૬૪૮૩ અને અમદાવાદ ગ્રામ્યમાં ૩૫૮૯ વિદ્યાર્થીઓ નોંધાયા હોવાનું જાણવા મળે છે. ધોરણ-૧૨ સાયન્સમાં અમદાવાદ શહેરમાં ૨૭૭૧ વિદ્યાર્થીઓ અને અમદાવાદ ગ્રામ્યમાં ૧૫૫૮ વિદ્યાર્થીઓ મળી સમગ્ર રાજ્યમાં ૩૪૯૨૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ધોરણ-૧૦ની પરીક્ષામાં ૧૩૭૦૨૫ વિદ્યાર્થીઓની પરીક્ષા માટે ૪૧ જેટલા સેન્ટર નક્કી કરવામાં આવ્યા છે. આ સેન્ટર ઉપર ૩૮૩ સ્કૂલોમાં પરીક્ષાનું આયોજન કરાયું છે અને આ સ્કૂલોના ૩૭૦૪ વર્ગખંડોમાં ધોરણ-૧૦ની પરીક્ષા લેવામાં આવશે. જ્યારે ધોરણ-૧૨ સાયન્સમાં ૩૪ સેન્ટરમાં ૩૪૯૨૦ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે. આ માટે ૧૭૦ સ્કૂલોના ૧૭૨૦ વર્ગખંડોનો પરીક્ષા માટે ઉપયોગ કરવામાં આવશે. સામાન્ય પ્રવાહમાં ૬૬૦૮૫ વિદ્યાર્થીઓ માટે ૧૦૦ જેટલી સ્કૂલોના ૮૭૫ વર્ગખંડમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવશે.

# વંદે ભારત એક્સપ્રેસમાં પીરસવામાં આવેલા ભોજનમાંથી વંદો મળ્યો

નવી દિલ્હી, તા.૨૨

આજકાલ રોજને રોજ બહારના તૈયાર ફૂડ પેકેટમાંથી જીવાત કે અન્ય વસ્તુઓ નીકળવાના અનેક મામલા સામે આવ્યા છે. તેવામાં લોકો ઘરે રાંધેલા ભોજનને યાદ કરી રહ્યા છે. મુંબઈમાં એક વ્યક્તિએ આઈસ્ક્રીમ મંગાવ્યો હતો અને તેમાં માનવ આંગળી જોઈને તે ચોંકી ગયો હતો. આઈસ્ક્રીમમાં કાનખજુરો મળી આવતા નોઈડામાં ખળભળાટ મચી ગયો હતો જયારે ગુજરાતના જામનગરમાં બટાકાની ચિપ્સના પેકેટમાંથી સડેલું દેડકા મળી આવતા વિવાદ વધ્યો હતો. આ ત્રણેય ઘટના થોડા જ દિવસોમાં પ્રકાશમાં આવી છે. આ વિવાદ હજુ સમ્યો નથી ત્યાં દેશની પ્રીમિયમ ટ્રેન વંદે ભારત એક્સપ્રેસમાં પીરસવામાં આવતા ફૂડમાંથી મૃત વંદો મળી આવતાં નવો વિવાદ જન્મ્યો છે. વાસ્તવમાં, વિદિત વાર્શ્નેય નામના એક્સ યુઝરે સોશિયલ મીડિયા ઉપર એક પોસ્ટ પોસ્ટ કરી હતી જેમાં પ્રીમિયમ વંદે ભારત ટ્રેનમાં ખરાબ ખોરાક મળવાની ફરિયાદ કરવામાં આવી હતી. તેણે એક તસવીર પણ પોસ્ટ કરી જેમાં વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનમાં મળેલા ખોરાકમાં મૃત વંદો જોઈ શકાય છે. આ ટ્રેન ભોપાલથી આગ્રા આવી રહી હતી. વિદિતે દાવો કર્યો હતો કે તેના કાકા અને કાકી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. વંદે ભારતમાં તેમને પીરસવામાં આવેલા ખોરાકમાંથી એક મૃત વંદો મળી આવ્યો હતો. વિદિતે X ઉપર પોસ્ટ કર્યું, 'મારા કાકા અને કાકી ૧૮ જૂન ૨૦૨૪ના રોજ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દ્વારા ભોપાલથી આગ્રા જઈ રહ્યા હતા. ટ્રેનમાં IRCTC દ્વારા પીરસવામાં આવતા ફૂડમાં કોકરોચ જોવા મળ્યો હતો. ભારતીય રેલવેએ સંબંધિત વિક્રેતાઓ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ અને ભવિષ્યમાં આવું ન થાય તેની ખાતરી કરવી જોઈએ.' વિદિતે આ પોસ્ટમાં રેલવે મંત્રાલય અને રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવને પણ ટેગ કર્યા હતા.

# અનેક ભારતીય કરોડપતિઓ UAEમાં સ્થળાંતર કરી રહ્યા છે : અહેવાલ

**ગયા વર્ષે આવા અહેવાલમાં નોંધવામાં આવ્યું હતું કે ૫,૧૦૦ ભારતીય કરોડપતિઓ વિદેશમાં સ્થળાંતર થયા છે. ૨૦૨૪માં વિશ્વભરમાં આશરે ૧,૨૮,૦૦૦ કરોડપતિઓનું સ્થળાંતર થવાની ધારણા છે**



નવી દિલ્હી, તા.૨૨

આંતરરાષ્ટ્રીય રોકાણ સ્થળાંતર સલાહકાર કંપની હેનલી એન્ડ પાર્ટનર્સ દ્વારા તાજેતરના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૪,૩૦૦ કરોડપતિઓ આ વર્ષે ભારત છોડશે તેવી સંભાવના છે, જેમાં નોંધપાત્ર સંખ્યામાં લોકો યુએઈને તેમના ગંતવ્ય તરીકે પસંદ કરશે. ગયા વર્ષે, આવા સમાન અહેવાલમાં નોંધવામાં આવ્યું હતું કે ૫,૧૦૦ ભારતીય કરોડપતિઓ વિદેશમાં સ્થળાંતર થયા છે. વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા ભારત, ચીન અને યુકે પછી કરોડપતિ સ્થળાંતરની દ્રષ્ટિએ વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમે રહેવાની ધારણા છે. ભારત હવે વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતું રાષ્ટ્ર તરીકે ચીનને પાછળ છોડી દીધું છે, ત્યારે તેના કરોડપતિ લોકોની હિજરત ચીનના ૩૦% ટકા કરતા પણ ઓછી છે. ભારતના દર વર્ષે હજારો કરોડપતિઓ દેશની બહાર જાય છે, ઘણા યુએઈમાં સ્થળાંતર કરે છે. અહેવાલ દર્શાવે છે કે વિદાય લેતા કરોડપતિઓમાંથી ઘણા ભારતમાં વ્યવસાયિક હિતો અને ઘરો જાળવી રાખે છે, જે તેમના ચાલુ આર્થિક સંબંધો સૂચવે છે. ભારતીય ખાનગી બેંકો અને સંપત્તિ વ્યવસ્થાપન પ્લેટફોર્મ તેમના ગ્રાહકોને સીમલેસ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝરી સેવાઓ પ્રદાન કરવા માટે UAEમાં સક્રિયપણે વિસ્તરી રહ્યાં છે. તાજેતરના ઉદાહરણોમાં નુવામા પ્રાઈવેટ અને એલજીટી વેલ્થ મેનેજમેન્ટનો સમાવેશ થાય છે, આ બંને વૈશ્વિક વૈવિધ્યકરણ અને વિસ્તરણની જરૂરિયાતો સાથે ભારતીય ગ્રાહકોને સમર્થન આપવા માટે જાણીતા છે. તેવી જ રીતે, અન્ય બેંકો પણ ભારતીય પરિવારો માટે સ્પર્ધાત્મક સંપત્તિ વ્યવસ્થાપન સેવાઓ સુનિશ્ચિત કરીને UAEમાં તેમની શાખાઓ ખોલી રહી છે. કોટક મહિન્દ્રા બેંક અને ૩૬૦ ONE વેલ્થ ભારતીય પરિવારોને UAEમાં જમીન ઉપર સંપત્તિ વ્યવસ્થાપન સેવાઓ પ્રદાન કરવા માટે સાથે જોડાઈ રહ્યા છે, જેથી તેઓ તેમના હરીફોથી પાછળ ન રહી જાય. ૨૦૨૪માં વિશ્વભરમાં આશરે ૧,૨૮,૦૦૦ કરોડપતિઓનું સ્થળાંતર થવાની ધારણા છે, જેમાં UAE અને USA પસંદગીના સ્થળોની યાદીમાં ટોચ ઉપર છે. સ્થળાંતર કરનારા મિલિયોનેર્સ તેમની સાથે નોંધપાત્ર અસ્કયામતો સાથે વિદેશી વિનિમય અનામતમાં નોંધપાત્ર યોગદાન આપે છે. તેમનું રોકાણ ઈક્વિટી પ્લેસમેન્ટ દ્વારા સ્થાનિક શેરબજારોને પણ સમર્થન આપે છે. તદુપરાંત, કરોડપતિઓ દ્વારા સ્થાપિત વ્યવસાયો ઘણીવાર ઉચ્ચ પગારવાળી નોકરીઓનું સર્જન કરે છે, જેનાથી મધ્યમ વર્ગને ફાયદો થાય છે. માઈક્રોસોફ્ટ, એપલ અને ટેસ્લા જેવા ઉદાહરણો યુએસએમાં આ અસર દર્શાવે છે. મિલિયોનેર એવી વ્યક્તિ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જેમાં કુલ $1 મિલિયન કે તેથી વધુની લિક્વિડ રોકાણ કરી શકાય તેવી સંપત્તિ હોય છે. સ્થળાંતરનાં કારણો ઉચ્ચ નેટ-વર્થ પરિવારો સલામતી, નાણાકીય વિચારણાઓ, કર લાભો, નિવૃત્તિની સંભાવનાઓ, વ્યવસાયની તકો, અનુકૂળ જીવનશૈલી, બાળકો માટે શૈક્ષણિક તકો, આરોગ્ય સંભાળ પ્રણાલીઓ અને જીવનની એકંદર ગુણવત્તા સહિતના વિવિધ કારણોસર સ્થળાંતર કરવાનું પસંદ કરે છે.

# રાજ્યમાં ખાલી પડેલી જગ્યાઓ ઉપર તાકીદે કાયમી શિક્ષકોની ભરતી કરો : શકિતસિંહ ગોહિલ



ગાંધીનગર, તા.૨૨

ગુજરાત કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ખાલી પડેલી જગ્યાઓ ઉપર તાત્કાલિક કાયમી શિક્ષકોની ભરતી કરવા માંગ કરી છે. ગાંધીનગર ખાતે કાયમી ભરતીની માંગ સાથે આંદોલન કરી રહેલા ટેટ-ટાટ પાસ ઉમેદવારોની અટકાયત મુદ્દે શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે લોકશાહીમાં માંગણી કરવાનો, આંદોલન કરવાનો અને શાંતિપૂર્વક રેલી કાઢવાનો બંધારણીય અધિકારી છે. દુઃખ છે કે ટેટ-ટાટ પાસ ઉમેદવારોએ ભરતીની રજૂઆત માટે ગાંધીનગર એકઠા થવુ પડે છે. તેમણે જણાવ્યું કે સરકારમાં શિક્ષકની અનેક જગ્યાઓ ખાલી છે. જ્ઞાન સહાયકથી ના શિક્ષકને કે ન વિદ્યાર્થીને સંતોષ મળે ટાટ-ટેટ પાસ ઉમેદવારની કાયમી શિક્ષક તરીકે ભરતી કરવા માંગ લાંબા સમયથી કરી રહ્યા છે. ચૂંટણી અગાઉ સરકારે ૧૫ જુન સુધી ભરતી કરવાની ખાત્રી આપી હતી. તો પણ હજુ સુધી ભરતી થઈ ન હોવાથી ઉમેદવારો માત્ર ગાંધીનગર રજુઆત કરવા ગયાં ત્યાં ઉમેદવારો સાથે સરકારનું વર્તન અયોગ્ય રહ્યું હતું. રજુઆત કરવા એકઠા થયેલા ઉમેદવારોમાં દિકરીઓ પણ હતી. દિકરી સાથે કેવી રીતે વર્તન કરવામાં આવ્યું તે જોઈ શિક્ષકોએ તેમણે કહ્યું કે શિક્ષકો સાથે કરવામાં આવેલો વ્યવહાર અયોગ્ય છે, તેમણે જણાવ્યું કે પોલીસ દ્વારા યુવાનોને ડિટેઈન કરી જુદી-જુદી જગ્યાએ ગોંધી રાખવામાં આવેલ છે તેઓનો મોબાઈલ પણ લઈ લેવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને ઉદ્દેશી શક્તિસિંહ ગોહિલે કહ્યું કે આ પ્રકારે આપણી સરકારમાં ચાલતુ હોય તો તે વ્યાજબી નથી. મુખ્યમમંત્રી સૂચના આપે કે જે ઉમેદવરોને જે પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા હોય તેઓને મુક્ત કરવામાં આવે અને તેમની સાથે સંવાદ કરવામાં આવે, સરકાર આ અંગે સકારાત્મક વિચારણા કરે. ટેટ ટાસ પાસ ઉમેદવારોની માંગણી વ્યાજબી છે તેમની કાયમી ભરતી કરવામાં આવે.

## હવામાન વિભાગની આગાહી સાચી પડે તો

# રાજ્યમાં અનેક સ્થળોએ આગામી સાત દિવસ જામશે વરસાદી માહોલ

**દાહોદ, અરવલ્લી તથા સૌરાષ્ટ્રમાં પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથમાં વરસાદની આગાહી**



અમદાવાદ, તા.૨૨

ગુજરાતમાં હજી ચોમાસું નવસારીમાં જ સ્થિત છે. અત્યારે જે ગુજરાતમાં વરસાદ થઈ રહ્યો છે તે ઉત્તર ગુજરાતમાં સાયક્લોનિક સરક્યુલેશનને કારણે થઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ગુજરાતમાં આગામી સાત દિવસ અનેક વિસ્તારોમાં સામાન્યની મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી જોઈએ તો દમણ, દાદરા નગર હવેલી અને વલસાડમાં ભારે વરસાદનું પૂર્વાનુમાન છે. બે દિવસ માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી આપવામાં આવી છે. પવનની ગતિ ૩૫થી ૪૫ પ્રતિ કલાક રહેવાની શક્યતા છે જ્યારે મહત્તમ પવનની ગતિ ૫૫ સુધી જઈ શકે છે. હવામાન વિભાગે એમ પણ જણાવ્યુ છે કે, દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં, પંચમહાલ, દાહોદ, અરવલ્લી તથા સૌરાષ્ટ્રમાં પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં છૂટાછવાયા સ્થળો ઉપર ગાજવીજ સાથે હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ૨૨મી તારીખે અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, સુરત, નવસારી, ડાંગ, દમણ, વલસાડ, દાદરા નગર હવેલી, દમણ તથા સૌરાષ્ટ્રના પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં છૂટાછવાયા સ્થળો ઉપર ગાજવીજ સાથે હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. રવિવાર માટે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં, સાબરતાંઠા, ગાંધીનગર, આણંદ, અરવલ્લી, પંચમહાલ, દાહોદ તથા સૌરાષ્ટ્રમાં પોરબંદર જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે ચોથા દિવસે દમણ, દાદરા નગર હવેલી અને વલસાડમાં ભારે વરસાદની શક્યતા છે. જ્યારે સોમવાર માટે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં, ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓનો સમાવેશ તથા સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળો ઉપર હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. એ જ રીતે મંગળવાર અને બુધવારે ઉત્તર અને દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં તથા સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળો ઉપર ગાજવીજ સાથે હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.

# પીડિતો ઉપર 'બોજ ઘટાડવા' માટે ગુજરાતના અધિકારીઓ (EMI) હપ્તામાં લાંચ લે છે


અમદાવાદ, તા.૨૧

સહાનુભૂતિપૂર્વક ભ્રષ્ટ. આ શબ્દ ગમે તેટલો ઓક્સિમોરોનિક લાગે તે દેખીતી રીતે અપ્રમાણિક સરકારી અધિકારીઓમાં 'હૃદયથી' લોકપ્રિય પ્રથા તરીકે સ્વીકારાયો છે. લાંચની પ્રતિબંધિત રકમની તેમની માંગણીઓ નબળા નાગરિકો ઉપર પડે તેવા નાણાકીય બોજ વિશે તદ્દન 'વિચારશીલ' હોવાને કારણે ઘણાએ એકસાથે ચૂકવણી કરવાને બદલે સરળ માસિક હપ્તામાં ચૂકવણી કરવાની મંજૂરી આપવા માટે બેંક લોન સિસ્ટમ અપનાવી છે. આ કિસ્સાઓ ઉપર વિચાર કરો. આ વર્ષે માર્ચમાં SGST બોગસ બિલિંગ કૌભાંડમાં એક વ્યક્તિ પાસેથી ૨૧ લાખ રૂપિયાની લાંચ માંગવામાં આવી હતી. રકમ રૂા.૨ લાખની ૯ હપ્તા અને રૂા.૧ લાખ નવ હપ્તામાં માંગવામાં આવી હતી જેથી એક સામટી ચૂકવણીનો બોજો ન સહન કરવો પડે.

૪ એપ્રિલના રોજ સુરતમાં એક ડેપ્યુટી સરપંચ અને તાલુકા પંચાયતના સભ્યએ ગ્રામીણનું ખેતર સમતળ કરાવવા માટે ૮૫,૦૦૦ રૂપિયાની લાંચ માંગી હતી. ગ્રામજનોની તંગ આર્થિક સ્થિતિને જોતા આરોપી પૈસા જવા દેવા તૈયાર ન હતો, તેણે EMI વિકલ્પ તરીકે રૂા.૩૫,૦૦૦ રોકડા અને બાકીની રકમ ત્રણ સમાન હપ્તામાં ચૂકવવાની સગવડ કરી આપી. તાજેતરમાં જ સાબરકાંઠાના રહેવાસી પાસેથી માંગવામાં આવેલી ૪ લાખની લાંચ લઈને બે પોલીસ ભાગી ગયા હતા. આ રકમ તેઓએ માંગેલી કુલ રકમ રૂા.૧૦ લાખનો પ્રથમ હપ્તો હતો.

અન્ય એક કિસ્સામાં સાયબર ક્રાઈમ પોલીસ અધિકારીએ તેણે માંગેલા રૂા.૧૦ લાખને ચાર હપ્તામાં વહેંચી દીધા હતા. ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB)ના અધિકારીઓ કહે છે કે, આવી પ્રથા વધી રહી છે અને માત્ર આ વર્ષે આવા દસ કેસ નોંધાયા છે. એસીબીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, 'એક વ્યક્તિને સંપૂર્ણ ચૂકવણી કરીને ઘર, કાર અથવા મૂલ્યવાન વસ્તુ ખરીદવા પરવડી શકતી નથી તે EMI ઉપર લોન લે છે. ભ્રષ્ટ અધિકારીઓ હવે લાંચ માટે સમાન પ્રથા લાગુ કરી રહ્યા છે.'

**'ભ્રષ્ટ અધિકારીઓ પૈસા કમાવાની તક ગુમાવવા માંગતા નથી'**



અધિકારીએ જણાવ્યું કે, તેઓ એવા લોકોનો લાભ લે છે કે, જેઓ કાં તો ગુનાના સંબંધમાં પોલીસ દ્વારા સંપર્ક કરવામાં આવ્યા હોય અથવા સરકારી કલ્યાણ યોજનાઓનો લાભ લેવા ઈચ્છતા હોય, તેઓ તેમની પાસેથી ભારે લાંચ માંગે છે કારણ કે, વ્યક્તિ સામાન્ય રીતે ગરીબ હોય છે અને સંવેદનશીલ પરિસ્થિતિમાં હોય છે, તે અથવા તેણી સંપૂર્ણ લાંચ અગાઉથી એકસામટી ચૂકવી શકતી નથી.' અધિકારીએ જણાવ્યું હતું કે, ભ્રષ્ટ અધિકારીઓ તેમને છટકી જવા દેવા માંગતા નથી અને ઝડપી પૈસા કમાવાની તક ગુમાવવા માંગતા નથી. આથી હપ્તા યોજનાનો ઉપયોગ કરે છે. ડાયરેક્ટર, એસીબી, ગુજરાત અને ડીજીપી (કાયદો અને વ્યવસ્થા) શમશેરસિંઘે જણાવ્યું હતું કે, 'એસીબી ફક્ત તે જ કેસોની જાણ કરવામાં સક્ષમ છે જેમાં લોકોએ પ્રારંભિક હપ્તા ચૂકવ્યા પછી અમારો સંપર્ક કર્યો હોય.' ૨૬ એપ્રિલના રોજ નોંધાયેલ એક કેસ, CID (ક્રાઈમ) ઈન્સ્પેક્ટરે ગુનાના સંબંધમાં જપ્ત કરાયેલ લેપટોપ અને કોમ્પ્યુટર સહિતની વસ્તુઓ માટે રૂા.૫૦,૦૦૦ લાંચની માંગણી કરી હતી. તેણે રકમને ૧૦,૦૦૦ રૂપિયાના પાંચ હપ્તામાં વહેંચી દીધી. આ મહિનાની શરૂઆતમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનર્ વર્ગ IIના અધિકારીએ કોન્ટ્રાક્ટર પાસેથી રૂા.૧.૨૦ લાખની માંગણી કરી હતી, તેને રૂા.૩૦,૦૦૦ની ચાર ચૂકવણીમાં ઈનવોઈસ ક્લિયર કરવા માટે સમાન ગણાવી હતી.

# અંગ્રેજી માધ્યમની શાળાઓ પ્રત્યે વાલીઓનો મોહ આત્મહત્યા સમાન છે : NCERT અધ્યક્ષ

(એજન્સી) તા.૨૨

NCERTના ડાયરેકટર ડી.પી. સકલાનીએ દુખ વ્યક્ત કર્યુ છે કે ઘણા લોકો પાસે પ્રશિક્ષિત શિક્ષકો ન હોવા છતાં વાલીઓ અંગ્રેજી માધ્યમની શાળાઓ પ્રત્યે આકર્ષાય છે, તેમણે કહ્યું કે તે આત્મહત્યા સમાન છે કારણ કે, સરકારી શાળાઓ હવે ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરે છે. એજન્સીના હેડક્વાર્ટર ખાતે પીટીઆઈના સંપાદકો સાથેની વાતચીતમાં નેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એનસીઈઆરટી)ના વડાએ જણાવ્યું હતું કે, અંગ્રેજીમાં કન્ટેન્ટને ક્રેમિંગ કરવાની પ્રથાને કારણે બાળકોમાં જ્ઞાન ઘટી રહ્યું છે અને તેઓ તેમના મૂળ અને સંસ્કૃતિથી દૂર થઈ ગયા છે. માતા-પિતા અંગ્રેજી માધ્યમની શાળાઓ પ્રત્યે આકર્ષણ ધરાવતા હોય છે, તેઓ તેમના બાળકોને આવી શાળાઓમાં મોકલવાનું પસંદ કરે છે, ભલે ત્યાં શિક્ષકો ન હોય અથવા તેઓ પૂરતા પ્રશિક્ષિત ન હોય. આ આત્મહત્યા સમાન છે અને તેથી જ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ માતૃભાષામાં ભણાવવા ઉપર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે, શિક્ષણ શા માટે માતૃભાષા અધારિત હોવું જોઈએ ? કારણ કે ત્યાં સુધી આપણે આપણી પોતાની માતાને આપણા મૂળને સમજીશું નહીં, તો આપણે અન્ય વસ્તુઓને કઈ રીતે સમજીશું ? અને બહુભાષી અભિગમ એવો નથી કે કોઈ પણ ભાષામાં શિક્ષણનો અંત આવી રહ્યો છે, આજે દબાણ બહુવિધ ભાષાઓ શીખવાનો છે. એનસીઈઆરટીના વડાએ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન દ્વારા ઓડિશાની બે આદિવાસી ભાષાઓમાં પુસ્તકો વિકસાવવાની પહેલને ટાંકીને વિદ્યાર્થીઓને તેમના સ્થાનિક સ્વભાવ અને સંસ્કૃતિ ઉપર આધારિત ચિત્રો, વાર્તાઓ અને ગીતોની મદદથી શીખવવા માટે તેમની બોલવાનું કૌશલ્ય અને પરિણામ સુધારવા માટે અને જ્ઞાનાત્મક વિકાસ ઉપર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, અમે હવે ૧૨૧ ભાષાઓમાં પુસ્તકો વિકસાવી રહ્યા છીએ જે આ વર્ષે તૈયાર થશે અને શાળાએ જતા બાળકોને તેમના મૂળ સાથે જોડવામાં મદદ કરશે. સકલાનીએ કહ્યું કે, અમે અંગ્રેજીમાં શિક્ષણ શરૂ કરીએ છીએ અને ત્યાં જ જ્ઞાનની ખોટ વર્તાય છે. ભાષા એક સક્ષમ પરિબળ હોવી જોઈએ, તે નિષ્ક્રિય ન થવી જોઈએ. અત્યાર સુધી આપણે અક્ષમ હતા અને હવે બહુભાષી શિક્ષણ દ્વારા આપણે આપણી જાતને સક્ષમ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ૨૦૨૦માં જાહેર કરાયેલ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)એ ભલામણ કરી હતી કે જ્યાં પણ શક્ય હોય, ઓછામાં ઓછા ધોરણ ૫ સુધી શિક્ષણનું માધ્યમ ઘરની ભાષા અને માતૃભાષા, સ્થાનિક ભાષા અથવા પ્રદેશની ભાષા હોવી જોઈએ. આ નીતિમાં ભલામણ કરવામાં આવી છે કે માતૃભાષામાં શિક્ષણ પ્રાધાન્ય ધોરણ ૮ અને તે પછીના ધોરણ સુધી હોવું જોઈએ. ત્યારપછી, શક્ય હોય ત્યાં ઘર અથવા સ્થાનિક ભાષાને ભાષા તરીકે શીખવવાનું ચાલુ રાખવું જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા વર્ષે કહ્યું હતું કે, શિક્ષણમાં માતૃભાષાના ઉપયોગથી ભારતમાં વિદ્યાર્થીઓ માટે ન્યાયનું નવું સ્વરૂપ શરૂ થયું છે અને મોદીએ તેને સામાજિક ન્યાય તરફ ખૂબ જ મહત્ત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું. આ પગલાની વિવિધ હિતધારકો અને વિપક્ષી પક્ષો તરફથી ટીકા પણ થઈ હતી. શિક્ષણ મંત્રાલયનું કહેવું છે કે કોઈના પર કોઈ ભાષા લાદવામાં આવી નથી. નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF) મુજબ, ગયા વર્ષે સૂચિત, ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓએ હવે ફરજિયાતપણે ત્રણ ભાષાઓનો અભ્યાસ કરવો પડશે

# શાપુરની જળ હોનારતને આજે ૨૨ જુનનાં ૪૧ વર્ષ પુર્ણ

## એકજ દિવસમાં ૭૦ ઈંચ વરસાદથી શાપુર-વંથલીમાં સર્જાયો હતો જળપ્રલય

## તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ પણ કર્યુ હતું ખુવારીનું નિરીક્ષણ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૨

જૂનાગઢ નજીક આવેલા શાપુર (સોરઠ) ગામે ૨૨ જુન ૧૯૮૩ ના રોજ વંથલી વિસ્તારમાં અને ખાસ કરીને શાપુરમાં જે ભયંકર જળતાંડવ મેઘરાજાએ ખેલ્યું હતું તેને લોકો થરથર યાદો સાથે સાંભરે છે. તે દિવસે માત્ર એકજ દિવસમાં ૭૦ ઈંચ જેટલો વરસાદ પડતા ચારેબાજુ જળબંબાકાર થઈ ગયું હતું. એ ભયાવહ યાદ કરતા લોકો કહે છે કે સતત બે દિવસ સુધી લોકો મકાનના નળીયા, છાપરા કે વૃક્ષો ઉપર ચડીને રહયા હતા અને ૪૮ કલાક સુધી પાણી ભરાયેલું રહયું હતું. રેલ્વે લાઈન તો સંપુર્ણ નાશ પામી હતી. ટેલીફોન વ્યવહાર અને રસ્તાઓ ખોરવાઈ ગયા હતા. અને ચોથા દિવસે તે સમયના ભારતના વડાપ્રધાન ઈન્દિરા ગાંધી આવ્યા હતા. અને હોનારતનું નિરીક્ષણ કર્યુ હતું.

રાષ્ટ્રીય કક્ષાના નેતાઓ અને ગુજરાત રાજયની આખીયે કેબીનેટ જૂનાગઢના સર્કીટ હાઉસમાંથી ચાલતી હતી. તે સમયે જીલ્લા કલેકટર મંજુલાબેન સુબ્રહ્મયમ હતા અને સાત દિવસમાં વ્યવહાર પુર્વવત કરાયો હતો. ગામમાં પુરને કારણે ચારેય તરફ દરિયો દરિયો હતો. ઓઝત, ઉબેણ, મધુમતી બે કાંઠે જ નહીં પરંતુ ઘોડાપુરથી ધસમસતી હતી. દુધ, અનાજ તો શું લોકો પાસે પીવાનું પાણી પણ ન હતું. ત્રણ-ત્રણ દિવસ સુધી મોતની સામે ઝઝુમતા થાંભલે કે ઝાડ ઉપર રહયા હતા.

મોબાઈલ ફોન કે ટીવી પણ તે યુગમાં ન હતા. ચારે બાજુ લાઈટો બંધ હતી. ફાનસ અને મીણબત્તીના પ્રકાશમાં વહીવટી તંત્ર કામ કરતું હતું. તે વખતે ગુજરાતના મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલે દિવસો સુધી શાપુર-જૂનાગઢ ખાતે મુકામ રાખ્યો હતો. એમ કહેવાય છે કે, ૧૨૦૦થી પણ વધુ લોકો આ પુર હોનારતમાં મૃત્યુ પામ્યા હતા તો પશુઓના તો બેસુમાર મોત થયા હતા.

વેરાવળથી નિવૃત્ત થયેલા મામલતદાર દેવકુમાર આંબલીયા તે સમયે જૂનાગઢ કલેકટર કચેરીમાં કલાર્ક તરીકે કામ કરતા હતા. તેઓ હિમાલય ટ્રેકીંગમાં ગયા હતા અને ૨૨૦૦૦ ફુટ ઉંચે ધર્મશાળા મુકામે તેઓ મનપસંદ કાર્યક્રમ રેડીયો તાલીમે ઈસતાબમાં ફિલ્મ ગીતો સાંભળતા હતા તેવામાં બ્રેકીંગ ન્યુઝમાં સાંભળ્યું કે 'જૂનાગઢમાં જબ્બર પુર આવ્યું છે.' આથી તેઓ ટ્રેકીંગનો કાર્યક્રમ પડતો મુકી જૂનાગઢ દોડી આવ્યા હતા અને ફરજ ઉપર લાગી ગયા હતા. તેમણે તે કાળમાં જોયું કે ડેડબોડીની સંખ્યા એટલી બધી હતી કે ટાયરથી અંતિમ સંસ્કાર કરવા પડયા હતા. લાકડા તો ભીના હતા. ડામર રોડ જેમ લોખંડનું પતરૂં ઉડે ને ઉખડી જાય તેમ પોપડા સહિત આખો રોડ જ ઉડી ગયો હતો તો રેલ્વે લાઈનના પાટા દાતણની ચીંરની જેમ ઉખડી ટંગાઈ ગયા હતા. આજેય પણ શાપુરમાં કયાં સુધી પાણી હતું તેનું લખેલ નિશાન કયાંક-કયાંક દેખાય છે. આખા મકાનના રૂમ, પંખા સુધી ઉંચે ધસમસતુ પુરૂ પહોંચ્યું હતું.

# ડો.સુભાષ મહિલા આર્ટ્સ કોમર્સ એન્ડ હોમસાયન્સ કોલેજમાં યોગ શિબિરનું આયોજન



જૂનાગઢ, તા.૨૨

યોગ એ ભારતે આપેલ પ્રાચીન શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પ્રણાલી છે. હવે આપણને તેની જરૂર સમજાણી છે. તેથી સમગ્ર વિશ્વને યોગની ભેટ આપનાર બીજું કોઈ નહિ પણ આપણો ભારત દેશ છે. યોગ એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે જેનો અર્થ જોડાણ કરવું કે એક કરવું એવો થાય છે. યોગ એ શરીર અને આત્મના જોડાણનો પ્રતિક છે. યોગએ આધ્યાત્મિક શિસ્ત અને કસરત છે. આજે યોગ એ સમગ્ર વિશ્વમાં જુદા-જુદા સ્વરૂપે કરાય છે અને તેની લોકપ્રિયતા પણ દિન-પ્રતિદિન વધી રહી છે. યોગએ સદીઓથી ચાલી આવતી આપણી ભારતીય સંસ્કૃતિનો એક ભાગ છે જેને આપણે પુનર્જીવિત કરવાની જરૂર છે. આપણા વિવિધ યોગીઓ હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મમાં યોગને ધ્યાનાવસ્થા સાથે જોડવામાં આવેલ છે.

ડો. સુભાષ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ એન્ડ હોમસાયન્સ કોલેજ ખાતે તા. ૨૧-૬-૨૪ના રોજ વહેલી સવારે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો.બલરામ ચાવડાએ ઉપસ્થિત મહેમાનોને આવકારી, યથોચિત સન્માન કરી પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું કે યોગ માણસના જીવનમાં આ મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણી માનસિક અને શારીરિક વ્યાધિનો ઉપાય યોગમાં જ છે.

ડો.ચેતનાબેન ચુડાસમા અને પ્રો.અમીબેન નાણાવટી દ્વારા આધુનિક સમયમાં યોગનું મહત્વ કેવું રહ્યું છે એના વિશે પ્રવચન આપી, ડેમોસ્ટ્રેશન બતાવી તમામ વિદ્યાર્થીની બહેનોને યોગના આસનોથી પરિચિત કરાવ્યા હતા. યોગ દિવસ યોજવા બદલ કોલેજના ટ્રસ્ટી અને ધારાસભ્ય જવાહરભાઈ ચાવડા અને મિતાબેન ચાવડાએ સૌને અભિનંદન પાઠવ્યા હતા. આ યોગ શિબિરનું સુચારૂ સંચાલન ડો.નરેશ સોલંકીએ કર્યું હતું.

# સખી વન સ્ટોપ સેન્ટર જૂનાગઢ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી કરાઈ



જૂનાગઢ, તા.૨૨

યોગ એ એક પ્રાચીન શારિરીક, માનસિક અને આધ્યાત્મિક પ્રણાલી છે. સમગ્ર વિશ્વને યોગની ભેટ આપનાર બીજું કોઈ નહિપણ આપણો ભારત દેશ છે. યોગ એ સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ જોડાણ કરવું કે એક કરવું એવો થાય છે. યોગ એ શરીર અને આત્મના જોડાણનો પ્રતિક છે. યોગ એ આધ્યાત્મિક શિસ્ત છે. આજે યોગ એ સમગ્ર વિશ્વમાં જુદા-જુદા સ્વરૂપે કરાય છે અને તેની લોકપ્રિયતાપણ દિન-પ્રતિદિન વધી રહી છે. યોગ એ સદીઓથી ચાલી આવતી આપણી ભારતીય સંસ્કૃતિનો એક ભાગ છે.બેટી બચાઓ બેટીપઢાઓ યોજના અંતગર્ત સખી વન સ્ટોપ સેન્ટર જૂનાગઢ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં યોગ ટ્રેનરમૃણાલીબેન વૈધ, અમીબેન સુચલ અને રમાબેન ગરાળા ઉપસ્થિત રહ્યા હતા જેમના દ્વારા યોગની તાલીમ આપવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી સી.જી.સોજીત્રા, તેમજ સખી વન સ્ટોપ સેન્ટર, ડીસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટઓફ વીમેન, અભયમ મહિલા હેલ્પ લાઈન ૧૮૧, પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સ્પોટ સેન્ટર તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારીનીકચેરીના કર્મચારીઓ સહભાગી થયેલ અને યોગિક ક્રિયાઓ દ્વારા યોગ દિવસની ઉજવણી કરવામાં આવેલ.

# "મુંબઈ ટુ જૂનાગઢ" - સંગીત સફર



જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢની આર.કે. મ્યુઝિકલ દ્વારા દેશ વિદેશમાં ઓનલાઈન સંગીત શીખવવાની સાથે ફિલ્મી ગીતો, ભક્તિ સંગીત વગેરે કાર્યક્રમો પણ કાયમી કરે છે. ફરી એકવાર આર. કે. મ્યુઝિકલનાં સંચાલક રજનીકાંત ભટ્ટ રઅજ્ઞા (વર્લ્ડ રકોર્ડ એચિવર, સંગીત વિશારદ) સાથે "સેટરડે લાઈવ મ્યુઝિકલ કોન્સેપ્ટ" માં સિંગિંગ કરવા અને એક વિદેશનાં ઓનલાઈન સંગીત કાર્યક્રમ માટે "મુંબઈ"નાં સીંગર બેનશ્રી જોશી જુનાગઢ આવેલ. આર. કે. મ્યુઝિકલ નાં લાઈવ મ્યુઝિક શો એટલી પ્રસિદ્ધિ પામેલા છે કે, મુંબઈનાં સિંગર્સ જૂનાગઢ રજનીકાંત ભટ્ટ (અજ્ઞા)ની સાથે સિંગિંગ કરવા સ્પેશિયલ આવે છે, આર. કે. મ્યુઝિકલનાં મેમ્બર્સ અનીતાબેન, ધારાબેન, જાહ્નવીબેન, જાહલબેન, ધર્મિષ્ઠાબેન, નિષ્ઠાબેન, તૃષાબેન, રશ્મીબેન, હિતેષભાઈ, પાર્થભાઈ, મેહુલભાઈ, સુજીતભાઈ, અને સંચાલક રજનીકાંત ભટ્ટએ જુનાગઢનું નામ કલાજગતમાં રોશન કર્યું છે,

# પશ્ચિમ રાજકોટમાં અનેક ગગનચુંબી ઈમારતોના અટવાયેલા પ્રોજેકટ હવે ધમધમતા થશે

## કેન્દ્ર સરકારના ગેઝેટમાં હીરાસર એરપોર્ટનું નામ દાખલ થતાં જુના એરપોર્ટની એનઓસી હવે બિલ્ડરો માટે જરૂરી નહિ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૨

રાજકોટ માત્ર ત્રણ-ચાર દિવસ પહેલા જ રાજકોટ બિલ્ડર એસોસિએશન તરફથી કેન્દ્ર સરકારના સિવિલ એવિએશન પ્રધાન રામમોહન નાયડુને પ્રતિનિધિઓ મળ્યા હતા અને રજૂઆત કરી હતી કે રાજકોટના પશ્ચિમ વિસ્તારના જુના વિમાનઘર સંબંધિત એરપોર્ટ ઓથોરિટી અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી બાંધકામના વિકાસમાં ઘણી જ તકલીફ પડી રહી છે અને કોર્પોરેશન દ્વારા એરપોર્ટ ઓથોરીટીની એનઓસી માંગવામાં આવે છે એની સામે વાસ્તવિકતા એ છે કે હવે એરપોર્ટ રાજકોટના પશ્ચિમ વિસ્તારમાંથી પૂર્વ વિસ્તારમાં હીરાસર ખાતે ખસી ગયું હોવાથી જૂના એરપોર્ટ આજુબાજુમાં કયાંય એનઓસી લેવાની થતી



નથી. કેન્દ્રના નાગરિક ઉડ્ડયન મંત્રી નાયડુ એ આ વાતને ગંભીરતાથી લઈને તાત્કાલિક એનો ઉકેલ લાવવા માટે પ્રયત્ન કરતા કેન્દ્ર સરકારના ગેજેટમાં રાજકોટના જુના એરપોર્ટની જગ્યાએ હિરાસર એરપોર્ટનું નામ ઉમેરી દેવામાં આવ્યું છે અને જુના એરપોર્ટને રદ કરવામાં આવ્યું છે. જેથી હવે રાજકોટના પશ્ચિમ વિસ્તારના બિલ્ડરોએ જુના એરપોર્ટ ઓથોરિટી પાસેથી કોઈ સર્ટિફિકેટ લેવાનું થતું નથી. આને કારણે બાંધકામ ક્ષેત્રનો હવે ઝડપી વિકાસ થશે અને ઘણા લાંબા સમયથી પડતર રહેલી મંજૂરીઓ અને પ્રોજેક્ટ ઝડપથી ગતિમાં આવશે. આ કામ કરવા માટે રાજકોટ બિલ્ડર એસોસિએશનના ઉપપ્રમુખ ધ્રુવિક તળાવિયા, કમલ સોનવાણી તથા પ્રિતેશ પીપળીયાએ સખત મહેનત કરી હતી અને સમગ્ર બાંધકામ ક્ષેત્રના ઉધોગપતિઓને રાહત આપી હતી. છેલ્લા ઘણા સમયથી રાજકોટ બિલ્ડર એસોસિએશન કેડાઈ તરફથી પ્રમુખ પરેશભાઈ ગજેરાના માર્ગદર્શનમાં પદાધિકારીઓ દ્વારા ઉચ્ચસ્તરીય રજુઆતો થતી હતી તેનું હવે શુભ પરિણામ આવ્યું છે. અગાઉ તત્કાલીન અને હવે પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારિયાએ પણ કેન્દ્ર સરકારમાં આ સમસ્યા ઉકેલવા રજુઆતો કરી હતી. હવે ગેજેટમાં નવા એરપોર્ટનું નામ ઉમેરાતાં તથા જુના એરપોર્ટનું નામ રદ થતાં એ વિસ્તારમાં પણ ગગનચુંબી ઈમારતો બનવાની સંભાવના વધી ગઈ છે. તમામ મંજુરીને વાંકે અટવાયેલા પ્રોજેકટ હવે ધમધમતા થઈ જશે.

# ઉના ગુરૂકુળમાં વિશ્વ યોગ દિવસ ઉજવાયો



યોગના જુદા જુદા આસનો કરી વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૨

૨૧મી જૂન વિશ્વ યોગદિવસ ઉના સ્વામિનારાયણ ગુરૂકુળમાં સતત ૩ દિવસ સંસ્થાના પ્રમુખ પૂ. શાસ્ત્રી સ્વામી માધવદાસજીના આશીર્વાદ સાથે ૩૦૦૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સ્વયંમ અને સમાજને માટે યોગ થીમ સંદર્ભે યોગદિનની ઉજવણી કરી હતી. તેમજ ગીરગઢડા ગામે અભિનવ વિદ્યા મંદિરના સંકુલમાં વિદ્યાર્થીઓ ગામના ભાઈઓ અને બહેનોનેએ

# દેવભૂમિ દ્વારકા પોલીસ દ્વારા સૌંદર્યથી ભરપુર ટાપુઓ ઉપર યોગ ડેની ઉજવણી કરી

## સ્વયં, સ્વાસ્થ્ય અને સુરક્ષાના સંદેશા સાથે યોગને સાર્થક કરતી જીલ્લા પોલીસ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૨

દેવભૂમિ દ્વારકા જીલ્લાના સૌંદર્યથી ભરપુર ટાપુઓ ઉપર દેવભૂમિ દ્વારકા પોલીસ દ્વારા સ્વયં, સ્વાસ્થ્ય અને સુરક્ષાના સંદેશા સાથે યોગ કરવામાં આવ્યા હતા.

પોલીસ મહાનીરીક્ષક, રાજકોટ વિભાગ જઅશોકકુમાર યાદવ, જિલ્લા પોલીસ અધિક્ષક નિતેષ પાંડેય દ્વારા ૨૧ જુન, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમીત્તે લોકોમાં યોગ દ્વારા સ્વાસ્થ્ય તથા દરીયાઈ તથા બોર્ડર સુરક્ષા અર્થે જિલ્લામાં વિવિધ ટાપુઓ ઉપર જન જાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવા જિલ્લાના તમામ અધિકારીઓને જરૂરી સૂચનાઓ તથા માર્ગદર્શન આપ્યું હતું.

દરીયાઈ કિનારાનું વાતાવરણ "યોગ" માટે શારીરીક અને માનસિક રીતે ફાયદાકારક છે, શુધ્ધ હવા, દરીયાનું ઝળહળ વહેતુ પાણી, પક્ષીઓનો મધુર કલરવ માનસીક શાંતીનો અહેસાસ કરાવે છે.

સાથે જ આંતરરાષ્ટ્રીય દરીયાઈ સરહદ આવેલ છે જેની સુરક્ષા જાળવી રાખવી એ પણ દરેક નાગરીકની મહત્વની જવાબદારી છે. આ વિશિષ્ટ ભૌગોલીક પરિસ્થિતિનો લાભ તમામ નાગરીકો લઈ શકે તેમજ દરીયાઈ સુરક્ષા વ્યવસ્થા બાબતે માહીતગાર થાય તેવા હેતુથી દેવભૂમિ દ્વારકા પોલીસ દ્વારા સ્વયં, સ્વાસ્થ્ય અને સુરક્ષા સાથે યોગ ના સૂત્ર સાથે જિલ્લામાં આવેલ લેફામરૂડી ટાપુ, ધબધબો ટાપુ, બેટ ટાપુ, સામીયાણી ટાપુ, ઉપર વિવિધ યોગાસનો કરી, લોકોમાં યોગ જાગૃતતાનો સુંદર સંદેશ પાઠવ્યો હતો.

### એક વર્ષથી હેરાનગતિ તેમજ માનસિક ત્રાસ આપતા

# પતિને કાયદાનું ભાન કરાવતી પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર તથા સી.ટીમ કેશોદ

જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારી સી. જી. સોજીત્રા તેમજ દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી બી.ડી. ભાડના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર (મહિલા સહાયતા કેન્દ્ર કેશોદ) ખાતે ૨૦૧૪ થી કાર્યરત છે. સાસરી પક્ષમાં ઘરેલું હિંસા અને માનસિક ત્રાસથી કંટાળીને અરજદાર બહેન ઘણા સમયથી પિયરમાં હતા. અરજદાર બહેનના સામા પક્ષ અરજદાર બહેનને ઘણા સમયથી ઘરમાં માનસિક ત્રાસ આપતા હોઈ અપશબ્દો બોલાતા હોઈ બન્ને પક્ષને બોલાવીને સમજાવવામાં આવ્યા જેમાં બંને પક્ષને બોલાવીને વ્યક્તિગત તેમજ જુથ મિટિંગ કરી બન્ને પક્ષને સમજાવવામાં આવેલ તથા બહેનની ઈચ્છા મુજબ પતિ તેની પત્નીને તેડી ગયેલ છે. તેમજ તેમનું દાંપત્ય જીવન સુખમય રહે તેના માટે તથા પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરના મહિલા કાઉન્સેલર મહિડા એસ આર. અને ગોંડલીયા જે. એસ. તથા સી.ટીમના પરમાર શીતલબેન દ્વારા સુખદ સમાધાન કરાવવામાં આવ્યું હતું.

# આર્થિક સુખાકારી ધરાવનારને સ્વેચ્છાએ એનએફએસએ યોજનામાંથી પોતાનું નામ કમી કરવા અપીલ

જૂનાગઢ, તા.૨૨

સરકાર દ્વારા વિતરણ કરવામાં આવતું અનાજ એ ફક્ત ગરીબોની યોજના છે. જેથી ચાર પૈડાવાડા મોટરકાર, ટ્રેકટર, ટ્રક બસ વગેરે વાહનો ધરાવવતા હોય, કુટુંબોનો સભ્ય સરકારી કર્મચારી હોય, કુટુંબની માસીક આવક ૧૫ હજાર રૂપિયાથી વધુ હોય, કુટુંબનો સભ્ય આવકવેરો, વ્યવસાય વેરો, જે કુટુંબ ૫ એકર કે તેથી વધુ જમીન ધરાવતા હોય, કુટુંબનો કોઈ સભ્ય સરકારી પેન્શનર હોય અથવા કુટુંબ આર્થીક સુખાકારી સધ્ધરતા ધરાવતા હોય તો આવા કાર્ડ ધારકોને તા.૩૦ જૂન સુધીમાં સ્વેચ્છાયે એન.એફ.એસ.એ યોજના અંતર્ગત પોતાનું રેશન કાર્ડ આ યોજના માંથી સ્વેચ્છાએ કમી કરવા માટે મામલતદાર કચેરી, જૂનાગઢ શહેરની પુરવઠા શાખા ખાતે રેશનકાર્ડની નકલ જોડી અરજી સ્વરૂપે રજૂ કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચુક થશે તો તા ૧ જુલાઈથી ઝુંબેશ રૂપી તપાસમાં આર્થિક સુખાકારી હોવાના પુરાવા માલુમ પડે તો વહાવટ તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવશે, તેમજ પાત્રતા ન ધરાવતા હોવા છતા લેવામાં આવેલ સરકારી રાશનની બજાર કિંમત મુજબની રકમ વસુલ કરવામાં આવશે તેવુ મામલતદાર કચેરી જૂનાગઢની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

